RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 236 Dt. 18-12-2024 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# બંધારણ વાંચવાના ચશ્મા વિદેશી હોય તો ભારતીયતા ક્યારેય નહીં આવે : શાહ

## કોંગ્રેસ પર પ્રહાર કરતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે કોંગ્રેસે બંધારણમાં ખૂબ જ નિર્લજ્જતાથી ઘણા સુધારા કર્યા છે

નવીદિલ્હી, તા. ૧૭

ભારતીય બંધારણના ૭૫ વર્ષના ગૌરવવંતા ઈતિહાસ પર રાજ્યસભામાં ચર્ચામાં ભાગ લેતાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે જો બંધારણ વાંચવાના ચશ્મા વિદેશી હોય તો ભારતીયતા ક્યારેય નહીં આવે. તે બંધારણમાં દેખાય છે. તેમણે કહ્યું કે બંધારણે લોકશાહીના મૂળને મજબૂત કર્યા છે. સત્તાનું ટ્રાન્સફર લોહીના એક પણ ટીપાના વહેણ વગર થયું. કોંગ્રેસ પર પ્રહાર કરતા શાહે કહ્યું કે કોંગ્રેસે બંધારણમાં ખૂબ જ નિર્લજ્જતાથી ઘણા સુધારા કર્યા છે. દેશના પ્રથમ વડાપ્રધાન જવાહર લાલ નહેરુ દ્વારા કરાયેલા પ્રથમ બંધારણીય સુધારાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ ત્યારે મૂળભૂત અધિકાર સાથે છેડછાડ કરીને અભિવ્યક્તિની સ્વતંત્રતા છીનવી લીધી. તેમણે આરોપ લગાવ્યો કે જ્યારે પણ કોંગ્રેસે બંધારણમાં સુધારો કર્યો ત્યારે સામાન્ય લોકોના મૂળભૂત અધિકારો છીનવાઈ ગયા. શાહે કહ્યું કે દેશની જનતાએ લોકતાંત્રિક રીતે અનેક સરમુખત્યારોના અભિમાન અને ઘમંડને દૂર કરવાનું કામ કર્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે ૭૭ વર્ષમાં ભાજપે ૧૬ વર્ષ આ દેશમાં શાસન કર્યું. આ સમયગાળા દરમિયાન અમે ૨૨ વખત બંધારણમાં સુધારો કર્યો પરંતુ ૫૫ વર્ષમાં કોંગ્રેસે ૭૭ વખત બંધારણમાં ફેરફાર કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસે મતબેંકની રાજનીતિ કરવા માટે ક્યારેક બંધારણમાં ફેરફાર કર્યો છે, ક્યારેક ઘમંડમાં તો ક્યારેક મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કર્યું છે. બંધારણની સુંદરતાના વખાણ કરતા શાહે કહ્યું કે ગીતા રામાયણના ચિત્રો બંધારણમાં મોજૂદ છે. બંધારણમાં શિવાજી અને લક્ષ્મીબાઈના ચિત્રોનો ઉલ્લેખ છે. આટલું હોવા છતાં, જો તમને સંદેશ કેવી રીતે લેવો તે ખબર નથી, તો પછી બંધારણ બદલવાથી શું થશે? રાહુ ગાંધી પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે ૫૬ વર્ષની ઉંમરે એક વ્યક્તિ પોતાને યુવા ગણાવે છે અને બંધારણ બદલવાનો અવાજ ઉઠાવતો ફરે છે. પરંતુ તેઓ નથી જાણતા કે આ જોગવાઈ બંધારણની કલમ ૩૮૮માં જ છે. પરંતુ તમે તમારા પોતાના ફાયદા માટે બંધારણમાં ફેરફારો કર્યા પરંતુ અમે જનતાના લાભ માટે બંધારણમાં ફેરફાર કરી રહ્યા છીએ.



### વન નેસન, વન ઈલેક્શન બિલ લોકસભામાં રજૂ : સંયુક્ત સંસદીય સમિતિમાં મોકલાયું

વન નેશન, વન ઈલેક્શન બિલને લઈને લાંબા સમયથી ચાલી રહેલી રાજનીતિ વચ્ચે તેને મંગળવારે લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ કેન્દ્ર સરકારની તરફેણમાં ૨૬૯ વોટ પડ્યા હતા. તે જ સમયે, વિપક્ષ તરફથી માત્ર ૧૯૮ મત પડ્યા હતા. પરંતુ, તમને જણાવી દઈએ કે આ બિલને પાસ કરવા માટે બે તૃતીયાંશ બહુમતી એટલે કે ૪૬૧ મતમાંથી ૩૦૭ વોટ જરૂરી છે, જે આજના સત્રમાં થઈ શક્યું નથી. બિલની રજૂઆત બાદ શિવસેનાના નેતા ભરતશેઠ ગોગવાલેએ કહ્યું કે, 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી બિલ બહુ પહેલા સંસદમાં રજૂ થઈ જવું જોઈતું હતું. પરંતુ જો તે હજુ પણ ઓફર કરવામાં આવે છે, તો તે ખૂબ જ સારી બાબત છે. તેમણે કહ્યું કે આ બિલ આવવાથી સમય અને પૈસા બંનેની બચત થશે. જ્યારે લોકસભામાં બિલ રજૂ કરવામાં આવ્યું ત્યારે શાંતનુ ઠાકુર, જગદંબિકા પાલ, બીવાય રાઘવેન્દ્ર, ગિરિરાજ સિંહ, જ્યોતિરાદિત્ય સિંધિયા, નીતિન ગડકરી, વિજય બઘેલ, ઉદયરાજ ભોસલે, ભગીરથ ચૌધરી, જગન્નાથ સરકાર અને જયંત કુમાર રોય હાજર ન હતા. વ્હીપના ઉલ્લંઘન માટે આ સાંસદોને નોટિસ જારી કરવામાં આવી છે, તમને જણાવી દઈએ કે વ્હીપ જારી થયા બાદ જો કોઈ સાંસદ સંસદમાં ન પહોંચે તો તેણે પાર્ટી વ્હીપને અગાઉથી જ કારણ જણાવવું પડશે. જો કોઈ કારણ આપ્યા વગર ગેરહાજર રહે તો તેને નોટિસ મોકલીને તેનો જવાબ માંગવામાં આવે છે. 'વન નેશન, વન ઈલેક્શન' એટલે કે એક દેશ, એક ચૂંટણી સંબંધિત બિલ રજૂ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલે લોકસભામાં 'બંધારણ (૧૨૯મો સુધારો) બિલ ૨૦૨૪' રજૂ કર્યું હતું, જેને કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી દળોએ બિલમાં રહેલી ખામીઓને ટાંકીને તેને બંધારણના સંઘીય માળખાની વિરુદ્ધ ગણાવી હતી. આ પછી, અર્જુન રામ મેઘવાલે આ બિલને વ્યાપક ચર્ચા માટે સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો.

### PMJAY-મા યોજના અંતર્ગત ગેરરિતી બદલ ગત અઠવાડિયામાં ૨ હોસ્પિટલ સસ્પેન્ડ અને ૨ને પેનલ્ટી

# રાજકોટની ક્રિષ્ના સજીર્કલ-સ્વસ્તિક હોસ્પિટલ સસ્પેન્ડ

## બે હોસ્પિટલમાં કુલ રૂ.૯૦ લાખ થી વધુની રકમની પેનલ્ટી અને ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી યોજનામાંથી સસ્પેન્ડની કાર્યવાહી કરાઈ

રાજકોટ, તા. ૧૭

પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી રાજ્યની કોઈપણ હોસ્પિટલ કે ડોક્ટરની કામગીરીને સાંખી નહી લેવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. તાજેતરમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી ઘટનાઓ સામે આવી છે જેના પગલે રાજ્યના આરોગ્ય વિભાગે આ હોસ્પિટલ્સ અને ડોક્ટર્સ સામે કડકમાં કડક કાર્યવાહી આરંભી છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓના દર્દને દૂર કરવા માટેની યોજના છે જેમાં ગેરરીતિ કોઈપણ ભોગે નહીં જ ચલાવી તેમ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે. જેના ભાગરૂપે જ આ યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ્સની કામગીરી પર ચાંપતી નઝર રાખવામાં આવી રહી છે. કોઈપણ દર્દી સાથે અન્યાય ન થાય તેનું સંપૂર્ણપણે ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય મા યોજના અંતર્ગતની સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટએ તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી શંકાસ્પદ હોસ્પિટલ્સની મુલાકાત કરી હતી. જેના અંતર્ગત ગત અઠવાડિયામાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૪ હોસ્પિટલમાં ગેરરીતિઓ સામે આવી છે. રાજકોટની ક્રિષ્ના સજીર્કલ હોસ્પિટલ અને સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલને વિવિધ ત્રુટીઓ જણાતાં સસ્પેન્ડ તેમજ ભરૂચની જયાબેન મોદી હોસ્પિટલ અને વડોદરાની બેન્કર્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ગેરરીતિ બદલ પેનલ્ટી કરાઇ છે.

રાજકોટની સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઇનસ્યોરન્સ કંપની દ્વારા ઓડિટ કરવામાં આવ્યું હતુ. જેમાં કુલ ૧૯૬ કેસમાં અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી પ્લેટ અને હિસ્ટોપેથોલોજીકલ એક્ઝામીનેશન રીપોર્ટમાં છેડછાડ જોવા મળેલ હતી.




**ટ્યુબર બોર્ડના સર્ટીફિકેટના સહી સિક્કામાં છેડછાડ, સર્જરી માટેની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન,બી.યુ. અને ફાયર સેફ્ટી સટિફિકેટના અભાવ અને સોનોગ્રાફીની પ્લેટ સાથેના છેડછાડ સહિતના કારણોસર હોસ્પિટલ્સને સસ્પેન્ડ કરાઇ તેમજ દંડ ફડકારવામાં આવ્યો**

જેના પરિણામે હોસ્પિટલને યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે અને હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા જો કોઈ અન્ય હોસ્પિટલ કાર્યરત હશે તો તેના પર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. યોજનાની માર્ગદર્શિકા મુજબ કુલ રૂ.૨,૯૪,૯૦,૦૦૦/- પેનલ્ટી કરવામાં આવેલ છે. ઉકત ક્ષતિઓ સાથે સંલગ્ન સ્પેશ્યાલીસ્ટ ડો.રાજેશ કંડોરીયા (G-૨૩૬૪૦)ને યોજનામાંથી બરતરફ કરવામાં આવેલ છે.

રાજકોટની જ ક્રિષ્ના સજીર્કલ હોસ્પિટલ હોસ્પિટલનું બી. યુ. સર્ટીફીકેટ અને ફાયર એન.ઓ.સી. ઊિદ્ધાશયિમ થઈ ગયું હોવાનું ધ્યાને આવ્યું. તદઉપરાંત હોસ્પિટલ પાસે AERB સર્ટીફિકેટ પણ ન હતું. યોજનાની માર્ગદર્શિકા અનુસાર હોસ્પીટલમાં જરૂરી મેનપાવર હાજર ન હતા. હોસ્પીટલમાં ICU માં સ્વચ્છતા બાબતે અભાવ જોવા મળેલ હતો. ઓટી નોટ અને અક્ષયતવિંયતશફ નોટ માં ડોકટર દ્વારા દર્શાવેલ માહિતીમાં વિસંગતા જોવા મળેલ હતી. જે બદલ ક્રિષ્ના સજીર્કલ હોસ્પિટલ ઉપલેટા ને યોજના અંતર્ગત ઉકત ક્ષતિઓની પૂતર્તા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવી છે.

ભરૂચ ખાતેની જયાબેન મોદી હોસ્પિટલમાં હોસ્પિટલ તંત્ર દ્વારા ટ્યુમર બોર્ડ સર્ટીફીકેટમાં સહી અને સિક્કામાં ગેરરીતિ આચરીને TMS સોફ્ટવેરમાં અપલોડ કર્યા હોવાનું ધ્યાને આવ્યું. જેના પરિણામે હોસ્પિટલ દ્વારા આચરવામાં આવેલ ક્ષતિને ધ્યાને લઈ હાલમાં પ્રી-ઓથની કુલ રૂ.૩૩,૪૪,૦૩૧/- રકમ રીકવરી કરવામાં આવશે. અને તેની પેનલ્ટી અંગેનો નિર્ણય આગામી સમયમાં થનારી સ્ટેટ ગ્રિવેન્સ રીડ્રેશલ કમીટિમાં લેવામાં આવશે. વડોદરા ખાતેની બેન્કર્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઓન્કોલોજી સર્જરીમાં આયુષ્માન યોજનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થતું હોવાનું ધ્યાને આવ્યું. આ ગેરરીતિ બદલ હોસ્પિટલના પ્રી-ઓથની કુલ રૂ.૫૭,૫૧,૬૮૯/- રકમ રીકવરી કરવાનું તેની પેનલ્ટી અંગેનો નિર્ણય અગામી સમયમાં થનારી સ્ટેટ ગ્રિવેન્સ રીડ્રેશલ કમીટિમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

તાજેતરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય મા યોજના અંતર્ગત ગેરરિતીની ઘટનાઓ સામે આવી છે જેના પગલે રાજ્ય સરકારે યોજના અંતર્ગતની કાર્ડિયોલોજી અને કાર્ડિયોવાસ્ક્યુલર સર્જરી, રેડિયોથેરાપી અને નીઓનેટલ કેર સહિતની સારવાર માટેની નવી માર્ગદર્શિક બનાવી છે જે આવતીકાલે સંભવિતપણે જાહેર કરવામાં આવશે. રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને આ યોજના અંતર્ગત નિઃશુલ્ક સારવાર મળે એ જ રાજ્ય સરકારનો યોજનાના પ્રારંભથી સંકલ્પ રહ્યો છે. આ યોજનાની આડમાં ગેરરિતી આચરતી હોસ્પિટ્લસ અને ડોક્ટરની અમાનવીય પ્રવૃતિને કોઈપણ ભોગે સાંખી નહીં લેવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે.



### ફેબ્રીકિશન કંપનીના માલિક સાથે નિવૃત મામલતદારના નામે સરકારી જમીન સસ્તામાં આપવાના નામે ફ્રોડ

# જમીનના સોદાના નામેં બે લોકોને ૧-૧ કરોડનો ચૂનો

## બીજા બનાવમાં બિલ્ડરને જમીનના સોદામાં સ્કીમમાં ભાગીદાર બનાવવાની લાલચ દઇ છેતરી લેવાયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

ઠગાઇના બે અલગ અલગ કિસ્સામાં બે કરોડથી વધુની ઠગાઇ થઇ છે. જેમાં ફેબ્રીકેશન કંપનીના માલિક સાથે નિવૃત મામલતદારની ઓળખ આપી સરકારી જમીન સસ્તામાં આપવાની લાલચ દઇ એક કરોડ દસ લાખ પડાવી લેવાયા છે. તો બીજા બનાવમાં બિલ્ડર સાથે એક જમીનનો સોદો કરી ભાગીદાર બનાવવાનું કહી સ્ટીલના વેપારી સહિત તણ જણાએ એક કરોડ ત્રણ લાખની ઠગાઇ કરી છે. આ પ્રકારની છેતરપીંડી પણ રોજીંદી ઘટનાઓમાં સામેલ થઇ ચુકી છે.

ઓનલાઇન ફ્રોડની સાથે સાથે રૂબરૂ આવીને ગઠીયાઓ ગોલમાલ કરી જતાં હોવાના કિસ્સા પણ અવાર-નવાર પોલીસ સુધી પહોંચી રહ્યા છે. જમીનના નામે ઠગાઇના પ્રથમ કિસ્સા પર નજર કરીએ તો અમદાવાદ શહેરના કઠવાડા જીઆઇડીસીમાં ફેબ્રિકેશનની કંપનીના માલિક સાથે બે લોકોએ ઠગાઈ આચરી હતી. આણંદના ઈસમે રીટાયર્ડ મામલતદાર તરીકેની ઓળખ આપી ઘરબો કેળવી તેના મળતિયા દ્વારા ફેબ્રિકેશનન કંપનીના માલિકને સરકારી જમીન સસ્તા ભાવે આપવાની લાલચ આપી ઠગાઈ કરી છે. આ લોકોએ કઠલાલના ખલાલ પાસે સરકારી જમીન સસ્તા ભાવે આપવાની લાલચ આપી જે બાદ અલગ અલગ સમયે કંપનીના માલિક પાસેથી કુલ રૂપિયા ૧.૧૦ કરોડ પડાવ્યાં છે.

છેતરપીંડી કરી લીધા બાદ ઈસનપુર મણીનગર ખાતેની ઓફિસ બંધ કરી અને ફોન પણ ન ઉપાડી ફુલેકું ફેરવી પલાયન થઈ ગયા છે. આ બનાવ મામલે કઠલાલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઇ છે. વધુ વિગતો જોઇએ તો અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં ત્રીસ વર્ષિય સંદીપભાઈ દલપતભાઈ પંચાલ રહે છે. દલપતભાઈને અમદાવાદ શહેરના કઠવાડા જીઆઈડીસી ખાતે શ્રી અંબા ઈન્ડસ્ટ્રીઝ નામની ફેબ્રિકેશનની કંપની આવેલ છે. દલપતભાઈના મિત્ર પ્રવિણભાઇ (રહે.અમદાવાદ) ઉપરોક્ત કંપનીએ આવતા જતા હતા. આથી દલપતભાઈએ બીજી કંપની નાખવા અન્ય જગ્યાએ જમીન જોઈએ છે તેવી વાત પ્રવિણભાઈને કરી રાખી હતી. જેથી તેમના દ્વારા રાજુ ઉર્ફે યુસુફ રસુલ વ્હોરા (રહે.નાના બજાર, વિદ્યાનગર, આણંદ) નામના શખ્સ સાથે મુલાકાત કરાવી હતી.

ત્યાર બાદ આ રાજુ ઉર્ફે યુસુફ વ્હોરાએ તેની ઓફિસ ઈસનપુર મણીનગર ખાતે છે ત્યાં રૂબરૂ મળવા બોલાવ્યાં હતા. આ સમયે આ ઓફિસમાં એક મહિલા પણ હાજર હતી અને તે વખતે આ રાજુ ઉર્ફે યુસુફ વ્હોરાએ પોતાની ઓળખ રીટાયર્ડ મામલતદાર તરીકેની આપી હતી અને હાજર મહિલાની ઓળખ કેશીયરનું કામ કરતી એકતાબેન તરીકે આપી હતી. બાદમાં એક જાહેર નોટીસ બતાવી આ રાજુ વ્હોરાએ વિશ્વાસ અપાવ્યો હતો. બાદમાં આ રાજુ વ્હોરાએ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ખલાલ ગામની સીમમાં આવેલ સરકારી પડતર જમીનના પેપર તથા ૭/૧૨ની નકલ બતાવેલ હતી. જેથી સંદીપભાઈ અને દલપતભાઈ બંને આ સરકારી જમીન રાખવાની તૈયારી બતાવેલ હતી. બાદમાં મીટીંગ કરી જમીનની રૂબરૂ મુલાકાત કરાવી




હતી. જ્યાં સર્વે નંબર ૩/અ વાળી ક્ષેત્રફળ ૧૩-૩૪-૩૮ હે.આરે.વાળી પડતર સરકારી જમીન બતાવેલ હતી. બાદમાં જમીન જંત્રીના પૈસા તમારે ભરવા પડશે અને થોડા કચેરીમાં અધિકારીને વહીવટના આપવા પડશે તેવી વાત કરેલી હતી.

આ પછી સંદીપભાઈ અને દલપતભાઈ બંનેએ સૌ-થમ ૧૫ લાખ આપ્યા હતા. આ જમીન સરકારી હોય તમારે કલેકટરને અરજી કરવી પડશે પરંતુ હાલમાં આ અરજી કરવાની નથી પરંતુ હું કહું ત્યારે આ અરજી કરવાની છે અને બેંકમાં જંત્રીની રકમનું ચલણ ભરવાનું છે. તેમ કહી દલપતભાઈ પાસે ત્રણ કોરા વાઉચરમાં સહી કરાવેલ અને કેહેલ કે, જંત્રીની રકમ ભરી તમને પહોંચ આપી દઈશ આમ જણાવી આ નાણાં રોકડા મેળવ્યાં હતા. બાદમાં જંત્રીના પૈસા ભરીને તે ચલણની કોપી વોટ્સએપ દ્વારા દલપતભાઈને મોકલી આપી હતી. અઠવાડીયા બાદ આ રાજુએ કહ્યું કે, જમીન લેવા માટે અરજી કરેલ છે તમે સહી કરી દો તેમ કહી દલપતભાઈની સહી લીધી હતી.

આ વખતે આ રાજુ વ્હોરાએ કહેલ કે, હું કલેક્ટર કચેરીમાં ઈનવર્ટ કરાવી લઈશ તેમ કહી અસલ વાઉચર આપેલા હતા જે વાઉચર આધારે રાજુ વ્હોરાએ સ્ટેટ બેંક કપડવંજ શાખામાં જમા કરાવેલા હતા. આ બાદ જમીનની ઈનવર્ટ કોપી આપી કહ્યું કે, પ્રોસેસ ચાલુ થઈ ગયેલ છે. જ્યારે આ રાજુ વ્હોરાએ કહેલ કે, બીજા દલાલોને વચ્ચે રાખશો નહીં તો જમીન મોંઘી પડશે. આ જમીન સસ્તામાં લેવા માટે બીજા ૧૦ લાખ ત્યાર બાદ આશરે ત્રણેક મહિના બાદ જંત્રીના પૈસા ભરવા પડશે તેમ કહી રાજુ વ્હોરાએ બીજા ૨૦ લાખ, કચેરીમાં વહીવટ કરવો પડશે તેમ કહી બીજા ૧૫ લાખ તથા અન્ય રીતે કહી જુદા જુદા દિવસો દરમિયાન લાખો રૂપિયા પડાવ્યાં હતા. આ ઈસમે અને તેના મળતિયાએ કુલ રૂપિયા ૧ કરોડ ૧૦ લાખ ૮૧ હજાર ૨૦૦ પડાવી લીધા હતા.

ત્યાપછી તપાસ કરવામાં આવતા આ રાજુ વ્હોરાએ તેની મણીનગર ખાતેની ઓફીસ બંધ કરી દીધેલ હતી. સંદીપભાઈ કે દલપતભાઈનો ફોન પણ ઉપાડતા નહોતા. શંકા જતાં તપાસ કરવામાં આવતા દલપતભાઈને જાણવાં મળ્યું કે, કપડવંજ મામલતદાર ઓફીસમાં રૂપિયા ભર્યા બાબતના ચલણ આપ્યા હતા, તે ખોટા હતાં આ પછી તેને પોતાની સાથે ઠગાઇ થયાની ખબર પડી હતી. આ મામલે યુસુફ ઉર્ફે રાજુ રસૂલ વ્હોરા અને એકતાબેન સામે ફરિયાદ નોંધાવી હતી.

ઠગાઇના બીજા બનાવમાં વડોદરાના સેવાસી ગામમાં આવેલી જમીનના સોદામાં બિલ્ડરે ૧.૦૩ કરોડ ચુકવ્યા બાદ તેને સ્કીમમાં ભાગીદાર વડોદરાના સેવાસી ગામમાં આવેલી જમીનના સોદામાં બિલ્ડરે ૧.૦૩ કરોડ ચુકવ્યા બાદ તેને સ્કીમમાં ભાગીદાર બનાવવાનું કહીને સ્ટીલના વેપારી સહિત ત્રણ આરોપીઓ ફરી જતાં અને ઠગાઇ કરતાં ફરિયાદ થઇ છે. ગોત્રી રોડ રત્નાકર સોસાયટી સામે માંગલ્ય ટેનામેન્ટમાં રહેતા બિલ્ડર જયેશકુમાર લાલાભાઇ પારેખે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, વર્ષ - ૨૦૧૩ માં સેવાસી ગામની સીમમાં બ્લોક નંબર - ૯૯ વાળી જમીન લેવાનું નક્કી કર્યુ હતું. આ સર્વે નંબર વાળી જમીન પૈકી ચંદ્રકાંત ભાઇલાલભાઇ પટેલ, પ્રમોદભાઇ ભાઇલાલભાઇ પટેલ તથા સતિષ ભાઇલાલભાઇ પટેલની પાસેથી ૫,૨૪૦ ચો.મી. જમીન રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ૭.૭૫ કરોડમાં લેવાનું નક્કી કર્યુ હતું. અમારી સાઇટ પર સ્ટીલ સપ્લાય કરતા વ્યોમેશ પટેલ અને મારા નામે જમીનનું બાનાખત ખેડૂતો પાસે કરાવ્યું હતું. બાનાખતમાં જણાવ્યા મુજબ ૫૧ લાખ ત્રણેય ખેડૂતોને સરખે ભાગે ચૂકવ્યા હતા. ત્યારબાદ ટી.પી. પડતા ૪૦ ટકા જમીન કપાતમાં ગઇ હતી. જેથી, જમીન માલિકો સાથે આ જમીન ૪.૪૮ કરોડમાં લેવાનું નક્કી કર્યુ હતું.

દરમિયાન બે ખેડૂતોને આપેલા ચેક રિટર્ન થતા વ્યોમેશભાઇએ મને કહ્યું હતું કે, જમીન માલિક તમારા નામે દસ્તાવેજ કરી આપવાની ના પાડે છે. પરંતુ, હું તેઓને સમજાવી દઇશ. હાલમાં હું મારા નામે દસ્તાવેજ કર્યા પછી તમને પાછળથી ભાગીદાર બનાવી દઇશે. વ્યોમેશભાઇએ તેમના તથા તેમના ભાઇ કૌશિક ચીમનભાઇ પટેલ (રહે.ઉદય પાર્ક સોસાયટી, જેતલપુર રોડ) તથા પીયૂષ વિનયચંદ શાહ (રહે. ભૂપત ચીમન બંગલો સામે, ગીતા ચોક ક્રિષ્ણા નગર, ભાવનગર)ના નામે દસ્તાવેજ કરાવી દીધો હતો. વ્યોમેશભાઇએ સ્કીમ ડેવલપ કરતા સમયે મને ભાગીદાર બનાવવાનું કહ્યું હતું. પરંતુ, પાછળથી તેઓએ મને ભાગીદાર તરીકે રાખ્યો નહતો. તેમજ મેં ખેડૂતોને ચૂકવેલા ૧.૦૩ કરોડ પણ પરત આપ્યા નહતા.તા.

### ૧૫ને જપ્તી નોટીસ સાથે ૨૬.૫૯ લાખ રૂપિયાની કરવામાં આવી રિકવરી

# વેરા શાખા આકરા પાણીએ : ૨૦ મિલકત સીલ

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનર સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત ગઈકાલે નવ મિલકતોને સીલ કરવામાં આવી જ્યારે ૨૦ મિલકતો ને સીલ કાર્યવાહી કરતાં રિકવરી થઈ જ્યારે ૧૫ ને જપ્તી નોટિસ આપવામાં આવતા સમગ્ર શહેરમાં પહોંચી ગયો હતો બીજી તરફ વેરાવસુલાત શાખા દ્વારા ત્રણ નળ કનેક્શન કાપવામાં આવ્યા હતા અને નિકુલ ૨૬.૫૯ લાખ રૂપિયાની રિકવરી કરવામાં આવી હતી.

સમગ્ર કામગીરી નીચે વોર્ડ વાઇઝ વાત કરવામાં આવે તો, વોર્ડ નં-૧ માં ૧૫૦ ફીટ રીંગરોડ પર ન્યુ ટેક ઓટો સર્વિસને નોટીસ સામે રિકવરી રૂ.૬૯,૦૦૦ થયેલી છે બીજી તરફ વોર્ડ નં-૨માં રામેશ્વર ચોકમાં સુભાષનગરમાં ભૂમી પ્લાઝા ગ્રાઉન્ડ ફ્લોર પર ૨-યુનીટને સીલ કરવામાં આવ્યું હતું.એવી રીતે રેલ્વે ટ્રેક નજીક શંકર વોચ કોર્નર પર ૧-યુનીટને સીલ કરવામાં આવ્યું.

વોર્ડ નં-૩ની જો વાત કરવામાં આવે તો જામનગર રોડ વિનાયક વાટિકા પાછળ ભારત નમકીન સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૪.૧૯ લાખ રિકવરી થઈ હતી. દેવકુંવરબા હાઇસ્કુલ શેરીમાં ક્રિષ્ના ને નોટીસ સામે રિકવરી રૂ.૧.૧૧ લાખની કરવામાં આવી.દાણાપીઠ વિસ્તારમાં મગડીયાસ ડેલામાં ૮-યુનિટની સામે નોટીસ સામે રિકવરી રૂ.૨.૫૦ લાખ થયેલી છે. એવીજ રીતે

વોર્ડ નં-૪માં આવેલ કુવાડવા રોડ પર પટેલ રોડ લાઈન્સ જય ગુરુદેવ કોમ્પ્લેક્ષ સેકન્ડ ફ્લોર શોપ નં-૬ ને સીલ કરવામાં આવ્યું હતુ અને ૯૬,૫૯૦ની રિકવરી કરવામાં આવી હતી. મોરબી રોડ પર શાનદાર રેસીડન્સી ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં -૫ ને સીલ કરવામાં આવી. મોરબી રોડ પર આંગણવાડીની બાજુમાં વેલનાથ પર શેરી નં-૨ પટેલ હાર્ડવેર ને સીલ માર્યુ બાકી માંગણું ૧.૩૫ લાખ વસૂલવામાં આવ્યા હતા.

વોર્ડ નં-૫માં પેડક રોડ પર રણછોડનગરમાં રૂબી ટેક્સ્ટાઇલ નજીક ૧-યુનિટના ના નળ-કનેક્શન કપાત સામે રિકવરી રૂ.૫૯,૭૦૨ કરવામાં આવી. પેડક રોડ પર પારુલ ગાર્ડન નજીક અલકા પાર્કમાં ૧-યુનિટના નળ કનેક્શન કપાત સામે રિકવરી રૂ.૫૬,૭૦૦ની કરવામાં આવી. વોર્ડ નં-૮માં

આવેલ નાના મૌવા મેઈન રોડ પર રોયલ એવેન્યુ સોસાયટીમાં પાન એમ્પાયર ફોર્થ ફ્લોર ઘર નં-૪૦૨ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૭૩,૦૦૩ની રિકવરી થઈ હતી. બીજી તરફ કે.કે.વી હોલ નજીક શિલ્પાન આર્કેડમાં સેકન્ડ ફ્લોર ઓફીસ નં-૨૦૧ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૨૩ લાખ થઈ હતી. સામે રૈયા રોડ પર આગમન હોસ્પિટલ સામે સમર્પણ સોસાયટીમાં ઘનશ્યામ ના નળ-કનેક્શન કપાત સામે રિકવરી રૂ.૧.૬૫ લાખની થઈ . નાના મૌવા મેઈન રોડ પર લક્ષ્મીનગર ચોક નજીક ક્રિષ્ના પ્લાઝા સામે એપલ ભંગાર નો ડેલો સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૭૧,૫૦૦ની રિકવરી થઈ.

વોર્ડ નં-૧૨માં વાગડ ચોકડી નજીક એચ પી પેટ્રોલ પંપ નજીક માવડી પ્લાઝા ઓફીસ નં-૩૧૫ સામે સીલ ની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૪,૦૮૩ થઈ. વાગડ ચોકડી નજીક એચ પી પેટ્રોલ પંપ નજીક માવડી પ્લાઝા ઓફીસ નં-૧૦૧ સામે સીલ ની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૭,૫૪૧ થઈ. વાગડ ચોકડી નજીક એચ પી પેટ્રોલ પંપ નજીક માવડી પ્લાઝા ઓફીસ નં-૨૦૪ સામે સીલ ની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૯,૪૨૩ થઈ. વાગડ ચોકડી નજીક એચ પી પેટ્રોલ પંપ નજીક માવડી પ્લાઝા ઓફીસ નં-૩૦૧ સામે સીલ ની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૭,૫૪૪ થઈ . વાગડ ચોકડી નજીક એચ પી પેટ્રોલ પંપ નજીક માવડી પ્લાઝા ઓફીસ નં-૩૦૪, ૪૦૧, ૪૦૪,૪૧૫ને સીલ કરતા કુલ બે લાખથી વધુની રિકવરી થઈ હતી.

વોર્ડ નં-૧૩માં અમરનગરમાં ભૂચર વિદ્યાલય સામે ૧-યુનિટની નોટીસ સામે રિકવરી રૂ.૭૫,૦૦૦/-. મવડી મેઈન રોડ પર સરસ્વતી સોસાયટીમાં શેરી નં-૭મ ઓમ ને નોટીસ સામે રિકવરી રૂ.૬૦,૦૦ની રિકવરી થઈ. એવી જ રીતે વોર્ડ નં-૧૪માં બાપુનગરમાં વિનોદ હોટેલ શેરી પાયોનીયર એન્જી નજીક ૨-યુનીટને સીલ કરવામાં આવી.

વોર્ડ નં-૧૫માં કોઠારીયા રીંગરોડ પર જય સીયારામ ઈન્ડ એરિયામાં એસ.પી.પટેલ ના ૧-યુનિટ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૦,૦૦૦, આજી વસાહતમાં આઈ.ઓ. સી.પેટ્રોલ પંપ નજીક શિવમ ઈન્ડ એરિયામાં ગણેશ ફ્રેમ વર્કસ સામે સીલ ની કાર્યવાહી કરતા ડઉઈ ચેક આપવામાં આવ્યો.હરી ઓદ્યોગિક વિસ્તારમાં ૨-યુનિટની નોટીસ સામે રિકવરી રૂ.૯૫,૦૦ની રિકવરી થઈ.કોઠારીયા રોડ પર શિવધારા પાર્ક -૨ માં ૧-યુનીટને સીલ કરવામાં આવી.

# શહેરમાં વધુ ૬.૫ કિલો પ્લાસ્ટિક ઝડપાયુ

## ગંદકી કરતા આસામીઓ પાસેથી ૧૫૮૫૦નો વહિવટી ચાર્જ કરાયો વસૂલ




રાજકોટ, તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સુધન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે મળતી માહિતી મુજબ હાલ રાજકોટને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે જે તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે તેને ધ્યાને લઈ હાલ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ખરા અર્થમાં તમામ સંભવત પ્રયત્નો કરી રહ્યું છે પરંતુ જે જાગૃતિ લોકોમાં આવી જોઈએ તેનો પૂર્ણ અભાવ જોવા મળી રહ્યો છે જેને લઈને હજુ પણ હતી બંધિત પ્લાસ્ટિકનો જથ્થો સતત જોવા મળી રહ્યો છે આટલો દંડ કરવા છતાં પણ જે ચિત્ર ઊભું થવું જોઈએ તે હજી સુધી જોવા મળતું નથી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગઈકાલના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૬૧ આસામીઓ પાસેથી ૬.૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૫૮૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૮ આસામીઓ પાસેથી ૪.૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૭૭૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૦૮ આસામીઓ પાસેથી ૦.૬૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૮૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૫ આસામીઓ પાસેથી ૧.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૩૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં કામગીરી કરવામાં આવી..

### નહિ જેવી વાતે આક્રમક થઇ જતાં શખ્સો બીજા લોકો માટે બની જાય છે ઘાતક

# પેટીયુ રળવા નીકળેલા રિક્ષાચાલકની ગળુ કાપી ક્રુર હત્યા

## નહિ જેવી વાતે અજાણ્યા શખ્સે ગળા પર છરીના ઘા મારી દીધાઃ હત્યારાને શોધવા પોલીસની દોડધામ
## લોકો મગજ પર કાબૂ રાખતાં શીખે, સહન શક્તિ વધારે તો આવી ઘટનાઓ ચોક્કસપણે અટકી શકે

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

અમુક લોકોના મગનો પારો ચોવીસેય કલાક તપેલો રહેતો હોય છે. આવા લોકો નાની નાની વાતે બીજા લોકો માટે મુશિબત બની જતાં હોય છે. નહિ જેવી વાતે તેઓ મારામારી પર ઉતરી આવતાં હોય છે. રાજ્યભરમાં રોજબરોજ સરાજાહેર મારામારી, હુમલા, હત્યાની કોશિષ કે હત્યાની ઘટનાઓ બનતી રહે છે. ક્રોધીત થઇ જતો માણસ સામેના વ્યક્તિ પર જીવલેણ હુમલો કરી તેની હત્યા કરી જે તે મૃતકના પરિવારનો માળો પીંખી નાંખતા હોય છે. આ પ્રકારની ઘટનાઓ રોજીંદી બની ચુકી છે. વધુ એક બનાવમાં એક નિર્દોષની હત્યા થઇ છે. ઘરેથી મિત્ર સાથે ભાડાની રિક્ષા ફેરવી બે પૈસા રળવા નીકળેલા યુવાનને રસ્તામાં સામાન્ય બોલચાલી બાદ અજાણ્યા શખ્સે છરીના ઘા મારી પતાવી દીધો હતો.

ઘટનાની વિગતો જોઇએ તો અસલાલી પાસેથી જુહાપુરાનો યુવક રીક્ષા લઇને જતો હતો. ત્યારે રસ્તામાં કોઇ અજાણ્યા શખ્સ સાથે માથાકૂટ થતા શખ્સે યુવકને તીક્ષ્ણ હથિયારના ઘા મારીને હત્યા કરીને ફરાર થઇ ગયો હતો. આ અંગે અસલાલી પોલીસે અજાણ્યા શખ્સ સામે હત્યાનો ગુનો નોધીને તપાસ શરૂ કરી છે. વટવામાં રહેતા શાહરૂખખાન પઠાણ ડેકોરેશનનો ધંધો કરે છે. જેમાં તેમના સૌથી નાનાભાઇ ઓગણત્રીસ વર્ષીય શાકીરખાન જુહાપુરામાં પરિવાર સાથે રહેતો હતો. તેના લગ્ન આફીયાબાનુ સાથે થયા હતા. સવારના સમયે શાકીરખાનના ફોન પરથી શાહરૂખખાનને ફોન આવ્યો હતો અને રેખાબેન ચુનારા બોલે છે તેમ જણાવીને શાકીરખાનની મહિજડા ગામ પાસે હત્યા થઇ છે. જેથી શાહરૂખખાન અને તેના ભાઇ મોહસીનખાન તાત્કાલિક અસલાલી મહિજડા ગામે રીક્ષા લઇને પહોંચ્યા હતા.

આ બંનેએ ઘટનાસ્થળે પહોંચી જોયું તો



શાકીરખાનની લાશ અને રિક્ષા રોડ પર પડી હતી. તેમજ ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારીને ગળુ કાપી નાખ્યું હતું. જેથી શાહરૂખખાને રેખાબેનને પૂછતા શાકીરખાન તેમના ઘરેથી રીક્ષા ભાડે ચલાવવા માટે નીકળ્યો હતો. તેની સાથે ધર્મેન્દરને રીક્ષામાં બેસાડીને ગયો હતો. બાદમાં તેને ફોન કરતા અજાણ્યા વ્યક્તિએ ઉપાડ્યો હતો અને તેની લાશ અહીં પડી હોવાનું જણાવ્યું હતું. જેથી અજાણ્યો શખ્સ શાકીરખાનની હત્યા કરીને નાસી ગયો હતો. અસલાલી પોલીસને જાણ કરતા કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપી હતી. આ અંગે શાહરૂખખાને અજાણ્યા શખ્સ સામે અસલાલી પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

બીજો બનાવ પણ અમદાવાદ મિરજાપુરમાં બન્યો હતો. અહિ એક યુવક ચાની કીટલી ઉપર હતો તે સમયે પગમાં ઠેસ વાગતા શખ્સ ઉપર પડયો હતો. જેથી બે શખ્સોએ યુવકને દંડાથી ઢોર માર માર્યા બાદ ચાકુના ઘા મારીને હત્યાનો પ્રયાસ કરીને લોહી લુહાણ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયા હતા. આ બનાવ અંગે શાહપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શાહપુરમાં મીલ કમ્પાઉન્ડ પાસે રહેતા યુવકે શાહપુર પોલીસ સ્ટેશનમાં વેજલપુર જુહાપુરા ખાતે રહેતા બે લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે યુવક મિરજાપુર ચીકન માર્કેટ પાસે ચાની કીટલી ઉપર ચા પીવા ગયા હતા આ સમયે બન્ને આરોપી ત્યાં ઉભા હતા જ્યારે યુવકને પગમાં ઠેસ વાગતા તેઓ સમીર ઉપર પડતા તેને ઉશ્કેરાઇને તકરાર કરી હતી જેથી યુવકે જાણી જોઇને નથી પડયો તેમ કહેતા લાકડાનો દંડાથી મારવા લાગ્યો હતો. આમ એક હત્યાની ઘટના તો બીજી હત્યાની કોશિષની ઘટના બની હતી. રાજ્યના કોઇપણ ગામ કે શહેર હોય ત્યાં આવી ઘટના સામાન્ય થઇ ગઇ છે. લોકો મગજ પર થોડો કાબૂ રાખે સહન કરતાં શીખે તો આવી ઘટનાઓ બનતી ચોક્કસપણે અટકી શકે.

# ખ્યાતિ કાંડઃ બોગસ દસ્તાવેજો આપી ખોટા આયુષ્યમાન કાર્ડ કઢાયા

## કાર્ડ દીઠ રૂ. ૧,૫૦૦-૨,૦૦૦ વસૂલવામાં આવતા : નિમેષ ડોડીયા નામનો વ્યક્તિ વોટ્સએપ અને ટેલિગ્રામ ગ્રૂપ દ્વારા વિવિધ વ્યક્તિઓ સાથે પણ જોડાયો હતો

અમદાવાદ, તા. ૧૭

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (ઙખ-ઉંઅઢ) કાર્ડ ફ્રોડ નેટવર્કના સંબંધમાં છ લોકોની ધરપકડ કરી છે. ગયા મહિને ખ્યાતી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ-માં બે મૃત્યુ બાદ શરૂ થયેલી તપાસનો વ્યાપ વધુ વિસ્તારવામાં આવ્યો છે. ૧૨ નવેમ્બરના રોજ બોરીસણા ગામમાં મેડિકલ કેમ્પમાં એન્જીયોપ્લ-ાસ્ટીની પ્રક્રિયા બાદ મૃત્યુ થયા હતા. વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ત્રણ અલગ-અલગ કેસ નોંધાયા હતા. ઘટનાઓની ગંભીરતાને ધ્યાનમાં લઈને અમદાવાદ શહેર પોલીસ કમિશનરે ત્રણેય કેસની તપાસ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચને સોંપવાનો આદેશ કર્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચે સરકાર દ્વારા નિયુક્ત તબીબોની ટીમ સાથે ખ્યાતી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. ૧૦ નવેમ્બ-રના રોજ બોરીસણા (કડી) ખાતે હોસ્પિટલ દ્વારા આયોજિત આરોગ્ય શિબિરમાં હાજરી આપનાર દર્દીઓ વિશે વિગતો મેળવવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન, ઙખઉંઅઢ ડેસ્કનું સંચાલન કરતા કર્મચારી મેહુલ પટેલે ખુલાસો કર્યો હતો કે કાર્તિક પટેલે ચિરાગ રાજપૂતને નિમેશ ડોડિયા સાથે મળીને ગે-રકાયદેસર રીતે આયુષ્માન ભારત કાર્ડ બનાવવા અને કાર્ડ દીઠ રૂ. ૧,૫૦૦-૨,૦૦૦ વસૂલવાની સૂચના આપી હતી. આમાંથી નિમેશ ડોડિયાએ કાર્ડ દીઠ રૂ. ૧,૦૦૦ની કમાણી કરી, ક્રાઈમ બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું હતું.




વધુ તપાસમાં જાણવા મળ્યું કે નિમેશ ડોડિયા આવા કાર્ડના ઉત્પાદન અને જાહેરાત માટે અનેક ઓનલાઈન પોર્ટલ ચલાવતો હતો. આ હેતુ માટે તે વોટ્સએપ અને ટેલિગ્રામ ગ્રૂપ દ્વારા વિવિધ વ્યક્તિઓ સાથે પણ જોડાયો હતો. આ નેટવર્ક દ્વારા, તે મોહમ્મદ ફઝલ (અમદાવાદ), અસ્ફાક (અમદાવાદ), નરેન્દ્રસિંહ ગોહિલ (ભાવનગર), ઈમ્તિયાઝ (ભાવનગર) અને ઈમરાન (સુરત) સહિતના લોકોના સંપર્કમાં આવ્યો હતો, જેઓ સમાન પ્રકારની છેતરપિંડી કરતા હતા. ડોડિયા સહિત આ છ વ્યક્તિઓની આજે ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ જૂથોએ સ્રોત કોડમાં ફેરફાર કરવા અને લગભગ ૧,૨૦૦-૧,૫૦૦ નકલી આયુષ્માન ભારત કાર્ડ બનાવવા માટે સરકારી પોર્ટલની તકનીકી નબળા-ઈઓનો ઉપયોગ કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઊક્ષતજ્ઞ ઈજ્ઞળળીક્ષશભફ-શિંઙ્ગક્ષ ર્ઙ્ઘર્ક્ષિ ના કર્મચારી, નિખિલ પારેખ, જે આયુષ્માન ભારત કાર્ડના ઉત્પાદન માટે સરકારી કોન્ટ્રાક્ટ ધરાવે છે, તે દર મહિને ₹૮,૦૦૦-₹૧૦,૦૦૦ ના નાણાકીય વળતર માટે ગેરકાય-દેસર રીતે લોગિન ઓળખપત્રો પૂરા પાડતો હોવાનું જણાયું હતું. કાર્ડ ફ્રોડ કૌભાંડમાં પારેખની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી.

### ગુજરાત રાજ્યમાં ગુનાખોરી કૂદકે ને ભૂસકે વધી રહી છે એ વચ્ચે સામે આવી સુખદઆશ્ચર્ય આપતી હકિકત

# એક એવુ પોલીસ સ્ટેશન જયાં આખા વર્ષમાં નોંધાયો માત્ર ૧ ગુનો!

## ભાવેણા પંથકના ત્રીસ પોલીસ સ્ટેશનોમાં કુલ સોળ હજાર એફઆઈઆર દાખલ થઈઃ જેમાં એક પોલીસ સ્ટેશનમાં નોંધાયો સમ ખાવા પુરતો દારૂ પીવાનો એક જ કેસ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૬**

પોલીસ સ્ટેશન...નામ સાંભળતા જ ખબર પડી જાય કે અહિ ગુનેગારોની સરભરા થતી હશે, રોજબરોજ ગુના દાખલ થતા હશે. પોલીસ અધિકારીઓ અને સ્ટાફ સતત અહિ કામમાં વ્યસ્ત રહેતા હશે. પણ એવુ કોઇ પોલીસ સ્ટેશન જોયુ છે કે જ્યાં આખા વર્ષમાં કોઇ ગુના જ દાખલ ન થયા હોત!? આવો સવાલ સાંભળતા જ લોકો તરત જવાબ આપી દે કે ના ભઇ આવુ કોઇ પોલીસ સ્ટેશન હોય જ નહિ. પરંતુ એક સત્ય જાણીને સૌ કોઇને સુખદ આશ્ચર્ય થશે. ભાવેણા પંથકમાં એક પોલીસ સ્ટેશન એવુ છે જ્યાં આખા વર્ષમાં એકેય એફઆઇઆર ફાટી નહોતી, કે નોંધાઇ નહોતી. છેક હવે આ વર્ષના અંતમાં સૌ પહેલો ગુનો દાખલ થયો છે. ભાગનગર શહેર જીલ્લાના ત્રીસ પોલીસ સ્ટેશનો છે તેમાં બધાના મળી સોળ હજારથી વધુ અલગ અલગ ગુનાઓ દાખલ થયા છે. પરંતુ આ પૈકીનું એક એવુ પોલીસ સ્ટેશન પણ છે જ્યાં માત્ર એક ગુનો નોંધાયો છે અને એ પણ માત્ર દારૂ પીવાનો.

વિગતો પર નજર કરીએ તો ભાવનગર શહેર અને જિલ્લામાં કુલ ત્રીસ પોલીસ સ્ટેશન આવેલા છે અને આ તમામ પોલીસ સ્ટેશનમાં સરેરાશ રોજ બે જેટલા ગુના નોંધાઇ રહ્યાં છે ત્યારે એક પોલીસ સ્ટેશન એવું પણ છે કે, જ્યાં આજે વર્ષનો પ્રથમ ગુનો નોંધાયો હતો અને તે પણ એક શખ્સ દારૂ પિધેલી હાલતમાં મળી આવતા પોલીસ તેની સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી. પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે ભાવનગર પોર્ટ પોલીસ સ્ટેશનમાં ગુનાઓ ન નોંધાવાનું મુખ્ય કારણ એ છે કે આ પોલીસ સ્ટેશનની હદમાં દરીયો આવતો હોવાના કારણે તેનું મુખ્ય કામ દરીયામાં પેટ્રોલીંગ કરવાનું છે. પોર્ટ મરીન પોલીસ સ્ટેશનના સુત્રોએ જણાવ્યું હતું કે, આજે પોલીસ પેટ્રોલિંગમાં હતી તે સમયે ઘોઘા જેટી સામે સંજય મેર નામનો શખ્સ દારૂ પિધેલી હાલતે મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી તેની સામે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.




વધુ માહિતી પર નજર કરીએ તો મરીન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૪માં આ પ્રથમ ગુનો દાખલ થયો છે. પીએસઆઇ એન.પી.ચુડાસમાએ જણાવ્યું હતું કે, મરીન પોલીસ સ્ટેશનનું મુખ્ય કામ દરીયાનું પેટ્રોલિંગ અને સુરક્ષાનું છે. મરીન પોલીસ સ્ટેશન પાસે ત્રણ બોટ છે અને પોલીસ સ્ટેશનમાં ૨૦નો સ્ટાફ છે. આ સ્ટાફ દ્વારા દરીયાઇ સુરક્ષા માટે સતત પેટ્રોલિંગ કરવામાં આવે છે. પોલીસ સ્ટેશનની હદમાં કોઇ રહેણાક વિસ્તાર, સોસાયટી આવતી ન હોવાના કારણે અહી અન્ય પોલીસ સ્ટેશનની માફક ગુનાઓ દાખલ થતા નથી. આજે પોર્ટ મરીન પોલીસ સ્ટેશનની હદમાં એક શખ્સ છાકટો બની લથડીયા ખાતો હોય તેની ધરપકડ કરવામાં આવી હતી અને આ -થમ ગુનો દાખલ થયો છે.

પોલીસ સુત્રોએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે વીતી રહેલા વર્ષ ૨૦૨૪માં ભાવનગરના વિવિધ ૩૦ પોલીસ સ્ટેશનમાં અંદાજે ૧૬૦૦૦થી વધુ ગુનાઓ દાખલ થયા છે, જેમાં સૌથી વધુ -ોહિબિશનના ગુનાઓ છે. આ ગુનાની સંખ્યા જોતા સરેરાશ એક પોલીસ સ્ટેશનમાં ૫૫૧ ગુનાઓ દાખલ થયા હોવાનું કહી શકાય અને તેની સામે પોર્ટ મરીન પોલીસ સ્ટેશનમાં વર્ષ દરમિયાન માત્ર એક ગુનો દાખલ થયો છે. દેશ વિરોધી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તત્વો દરિયાઇ માર્ગનો ઉપયોગ કરે તેવી પ્રબળ સંભાવના હોવાના કારણે દરીયાઇ વિસ્તારમાં પોલીસ દ્વારા ખાસ નજર રાખવામાં આવે છે. ભાવનગર જિલ્લામાં ૧૫૮ કી.મી.નો લાંબો દરીયા કિનારો આવેલો છે અને તેના કારણે બે મરીન પોલીસ સ્ટેશન કાર્યરત છે.

આતંકવાદી પ્રવત્તિ તેમજ ડ્રગ્ઝ માફીયાઓ દ્વારા દરીયાઇ માર્ગનો ઉપયોગ કરવામાં આવતો હોહાના કારણે પોલીસ, કોસ્ટગાર્ડ, નેવી, ગુપ્તચર એજન્સીઓ વચ્ચે મજબુત સંકલ રાખવામાં આવે છે. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લાના દરિયામાં સમયાંતરે વિવિધ એજન્સિઓ દ્વારા સયુક્ત રીતે પેટ્રોલિંગ તેમજ સુરક્ષાની સમીક્ષા કરવામાં આવતી હોય છે. સૌથી વધુ ગુના દાખલ થયા હોય તેવા પાંચ પોલીસ સ્ટેશનોમાં ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં ૨૫૫૭ ગુના, બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ૧૮૪૭ ગુના, ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં ૧૫૨૫ ગુના, સિહોરમાં ૧૦૦૬ અને પાલીતાણા ટાઉનમાં ૧૦૦૫ ગુના દાખલ થયા છે. વીતી રહેલા વર્ષના હજુ અમુક દિવસો બાકી છે ત્યારે આ આંકડાઓમાં વધારો થશે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# અજ્ઞાનીઓ દ્વારા જ્ઞાનનો બિઝનેસ

## રાજકોટમાં ૨૪ નવી ખાનગી સ્કૂલને મંજૂરી, શિક્ષણની દશા સુધારવા પગલાં લેવાતા નથી




શિક્ષણ એટલે જીવનનું ઘડતર. જીવનમાં સારી ખરાબ સ્થિતિ આવતી રહે છે. દરેક પ્રકારની સ્થિતિમાં સ્વસ્થ રહીને શ્રેષ્ઠ નિર્ણય લઈ શકાય તેવી માનસિકતાનું ઘડતર શિક્ષણ કાર્ય દરમિયાન થવું જોઈએ, આવું થાય છે ? છાત્રો- છાત્રાઓ પરીક્ષાના કાલ્પનિક ભયથી તનાવમાં આવી જાય અને જીવ ગુમાવવા સુધીના પગલાં ભરે એ શિક્ષણની ઘોર નિષ્ક્રિયતા ગણાય. શિક્ષણ અંગેની સમજથી માંડીને શિક્ષણનું સ્તર સુધારવું જરૂરી છે. આ દિશામાં નમૂનારૂપ કામ થતું નથી અને રગસિયા ગાડા જેવી શૈક્ષણિક સંસ્થાઓનો વ્યાપ વધતો જ જાય છે.

શિક્ષણ એ કેળવણી અને જ્ઞાનનું ક્ષેત્ર છે. આ ક્ષેત્ર સંપૂર્ણ પણે વ્યવસાયોના કાબુમાં આવી ગયું છે. મળેલા સમાચાર પ્રમાણે રાજકોટ શહેર અને જિલ્લામાં નવા શૈક્ષણિક વર્ષથી ૨૪ નવી ખાનગી શાળાઓ શરૂ થશે. આ માટે જિલ્લા શિક્ષણ તંત્રએ મંજૂરી આપી દીધી છે.

શિક્ષણની સુવિધા વધે અને શિક્ષણનો વ્યાપ વધે એ આવકાર્ય છે. પણ સૌથી વધારે જરૂરી શિક્ષણનો સ્તર સુધરે તે છે. અફસોસ છે કે આ દિશામાં કામ થતું નથી. રાજકોટમાં ખાનગી શૈક્ષણિક સંસ્થાઓનો પાર નથી, બે પાંચ સંસ્થાઓ તો મોટી બ્રાન્ડ બની ગઈ છે. સાવ સામાન્યથી માંડીને થ્રી સ્ટાર લેવલ જેવી શૈક્ષણિક સંસ્થાઓ ધમધમે છે, હજારો વાલીઓએ પોતાના બાળકોનું ભવિષ્ય આ સંસ્થાઓના ભરોસે મૂકી દીધું છે.


મોટાભાગની ખાસ કરીને નામી શૈક્ષણિક સંસ્થાઓ બાળકોને જ્ઞાનને બદલે તનાવ આપવાનું કામ કરે છે. પરીક્ષા વખતે વાલીઓની પણ ઊંઘ હરામ થઈ જાય છે. હજારો વિદ્યાર્થીઓ સંસ્થામાં હોય છે, જેમાંથી ૧૦-૨૦ છાત્રોના પરિણામો સારા આવે તેનો પ્રચાર કરીને શૈક્ષણિક સંસ્થાઓ માર્કેટિંગ કરે છે.

સર્વે કરવા જેવા વિષયો એ છે કે રાજકોટમાં ધબકતી ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં ટીચર તરીકે સેવા આપનારાઓ ટીચર બનવા માટેની પૂરી લાયકાત ધરાવે છે ? મહાકાઈ ખાનગી શાળાઓનો મોટાભાગનો શૈક્ષણિક સ્ટાફ પૂરી લાયકાત વગરનો હશે.

શિક્ષણ ક્ષેત્ર વ્યવસાય બને તે સામે વાંધો ન હોય પણ વ્યવસાયમાં તો નિષ્ઠા હોવી જોઈએ. મોટી બ્રાન્ડ નબળી પ્રોડક્ટ શા માટે બનાવે છે ? જ્ઞાનના વ્યવસાયમાં અજ્ઞાનીઓ છવાઈ ગયા જેવી સ્થિતિ બની ગઈ છે.

રાજકોટમાં વસ્તી વધતી જાય છે, શૈક્ષણિક સંસ્થાઓ પણ વધવી જોઈએ એ કાર્ય શિક્ષણ તંત્ર કરે જ છે. પણ અફસોસ એ છે કે શિક્ષણનું સ્તર સુધારવાનું કામ શરૂ જ નથી થયું. આ માત્ર શિક્ષણ અધિકારીનું કામ નથી. આ કાર્ય માટે સરકાર. શિક્ષણ તંત્ર. સમાજ. શૈક્ષણિક સંસ્થાઓ, વાલીઓ વિગેરે સકારાત્મક સમજદાર બનીને સહિયારું કામ કરવું પડશે.

ઉત્તમ શિક્ષણ દ્વારા જ ઉત્તમ નાગરિકોનું સર્જન થઈ શકે છે. શિક્ષણ ક્ષેત્ર જ્ઞાનના કુવા સમાન બનવું જોઈએ. તેમાં ગંદકી, કુવૃતિ, અનિષ્ઠા શોભતા નથી. યાદ રાખજો કુવામાં હોય એ જ અવેડામાં આવશે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# રશિયન જનરલ ઈગોર કિરીલોવની હત્યા

## મોસ્કોમાં ઈલેક્ટ્રિક સ્કૂટરમાં છુપાયેલા બોમ્બથી નીપજ્યું મોત

નવીદિલ્હી, તા. ૧૭.

રશિયાના પરમાણુ શસ્ત્રોનું રક્ષણ કરતી દળના વડા એવા વરિષ્ઠ રશિયન જનરલની મંગળવારે મોસ્કોમાં હત્યા કરવામાં આવી હતી. રશિયાની તપાસ સમિતિએ કહ્યું કે મંગળવારે મોસ્કોમાં ઈલેક્ટ્રિક સ્કૂટરમાં છુપાયેલા બોમ્બથી તેનું મોત થયું હતું. લેફ્ટનન્ટ જનરલ ઈગોર કિરીલોવ રશિયાના પરમાણુ, જૈવિક અને રાસાયણિક દળોના વડા હતા. તેમને ક્રેમલિનથી ૭ કિમી દક્ષિણપૂર્વમાં એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગની બહાર નિશાન બનાવવામાં આવ્યા હતા. તપાસ સમિતિના જણાવ્યા અનુસાર, હુમલામાં ઈગોર કિરિલોવની સાથે તેના સહાયકનું પણ મોત થયું હતું. આ ઘટના સાથે જોડાયેલ હોવાનો દાવો કરીને રશિયન ટેલિગ્રામ ચેનલો પર ફોટોગ્રાફ્સ પોસ્ટ કરવામાં આવ્યા છે. આ તસવીરોમાં કાટમાળથી ઢંકાયેલી ઈમારતનો તૂટેલો દરવાજો અને બરફમાં બે મૃતદેહ દેખાય છે. રશિયન એજન્સીઓએ હત્યાના કેસમાં ગુનાહિત તપાસ શરૂ કરી છે.

આ વર્ષે ઓક્ટોબરમાં બ્રિટને કિરિલોવ પર પ્રતિબંધો લગાવ્યા હતા અને તેમના પર યુક્રેનમાં રાસાયણિક હથિયારોના ઉપયોગ પર નજર રાખવાનો આરોપ લગાવ્યો હતો. તે ક્રેમલિન પ્રચાર ફેલાવવા માટે એક મહત્વપૂર્ણ મુખપત્ર હોવાનું કહેવાય છે. રશિયાના કિરણોત્સર્ગી, રાસાયણિક અને જૈવિક સંરક્ષણ સૈનિકોને છીંવઇણ તરીકે ઓળખવામાં આવે છે. આ એક વિશેષ બળ છે. યુક્રેનની ગુપ્તચર સેવા એસબીયુએ અહેવાલ આપ્યો છે કે યુક્રેનના વકીલોએ એક દિવસ પહેલા જ જનરલ કિરિલોવ પર યુક્રેનની અંદર પ્રતિબંધિત રાસાયણિક હથિયારોના મોટા પાયે ઉપયોગ માટે જવાબદાર હોવાનો આરોપ મૂક્યો હતો. રશિયાએ આ આરોપોને ફગાવી દીધા હતા. રશિયન જનરલની હત્યા એવા સમયે થઈ છે જ્યારે રશિયન સૈન્ય યુક્રેન સાથે યુદ્ધમાં ફસાયેલ છે. આવી સ્થિતિમાં, રશિયન જનરલના મૃત્યુને રાષ્ટ્રપતિ પુતિન માટે એક મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.

યુક્રેન સાથેના યુદ્ધ વચ્ચે રશિયાને મોટો આંચકો લાગ્યો છે. રશિયાના પરમાણુ, જૈવિક અને રાસાયણિક સંરક્ષણ દળોના વડા, લેફ્ટનન્ટ જનરલ ઈગોર કિરિલોવનું મંગળવારે સવારે રહેણાંક એપાર્ટમેન્ટ બ્લોક નજીક વિસ્ફોટક ઉપકરણ દ્વારા અથડાતા મૃત્યુ થયું હતું. રશિયાની તપાસ સમિતિએ આ માહિતી આપી. અહેવાલો અનુસાર તે જે સ્કૂટરમાં સવાર હતો તેમાં બોમ્બ મૂકવામાં આવ્યો હતો. સવારે જ્યારે તે બહાર નીકળવા લાગ્યો ત્યારે એક વિસ્ફોટ થયો અને તેણે જીવ ગુમાવ્યો. મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે યુક્રેને આ હત્યાની જવાબદારી લીધી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે વિસ્ફોટમાં કિરિલોવના સહાયકનું પણ મૃત્યુ થયું હતું. સમિતિના પ્રવક્તા સ્વેત્લાના પેટ્રેન્કોએ જણાવ્યું હતું કે રશિયન તપાસ અધિકારીઓએ બંને પુરુષોના મૃત્યુના સંબંધમાં કેસ દાખલ કર્યો છે. ''તપાસકર્તાઓ, ફોરેન્સિક નિષ્ણાતો અને ઓપરેશનલ સેવાઓ ઘટના સ્થળે હાજર છે,'' પેટ્રેન્કોએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

''આ ગુના સાથે સંબંધિત તમામ સંજોગો શોધવા માટે તપાસ અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.'' યુક્રેનની અદાલતે ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુક્રેનમાં શરૂ થયેલા પ્રતિબંધિત રાસાયણિક શસ્ત્રોનો ઉપયોગ કરવાના આરોપમાંથી કિરીલોવને નિર્દોષ જાહેર કર્યો છે. ૧૬ ડિસેમ્બરે સજા સંભળાવવામાં આવી હતી. યુક્રેનની સુરક્ષા સેવા, એસબીયુએ જણાવ્યું હતું કે તેઓએ ફેબ્રુઆરી ૨૦૨૨ થી યુદ્ધના મેદાનમાં રાસાયણિક શસ્ત્રો, ખાસ કરીને ઊં-૧ કોમ્બેટ ગ્રેનેડના ૪,૮૦૦ થી વધુ ઉપયોગો રેકોર્ડ કર્યા છે.

કિરિલોવ રાષ્ટ્રપતિ પુતિનની નજીક માનવામાં આવતા હતા. આ વર્ષે ઓક્ટોબરમાં જ બ્રિટને રશિયન જનરલ કિર્લોવ પર પ્રતિબંધો લગાવ્યા હતા. તેના પર પ્રતિબંધિત રાસાયણિક હથિયારોનો અંધાધૂંધ ઉપયોગ કરવાનો આરોપ હતો. તમને જણાવી દઈએ કે એક તરફ યુદ્ધ ખતમ કરવાની પહેલ કરવામાં આવી રહી છે. બીજી તરફ, એક રશિયન જનરલની હત્યા અને પછી યુક્રેન દ્વારા જવાબદારી લેવાથી તણાવ વધુ વધી શકે છે.

### ગમે ત્યારે ગમે તેની સાથે થઇ જતાં પ્રેમની બે સુમધુર કહાનીમાં આવ્યા ઓચીંતા કરૂણ વળાંક

# તને મારા કરતાં સારી મળશે... વિડીયો બનાવી પ્રેમિકાનો આપઘાત

## પ્રેમીની માફી માંગીઃ પોલીસે કોલ રેકોર્ડ, વિડીયો સાથેનો ફોન કબ્જે કર્યોઃ બીજા બનાવમાં લવ સેક્સ ધોખાની ઘટનામાં પ્રેમીએ દૂષ્કર્મ આચરી બીજે સગાઇ કરી લેતાં યુવતિએ કર્યો આપઘાતનો પ્રયાસ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા. ૧૭**

પ્રેમમાં પાગલ થઇ જનારા પ્રેમીપંખીડાઓ ઘણીવાર વિચાર્યા વગરના પગલા ભરી લેતાં હોય છે તેના કારણે તેમના પરિવારજનોને ખુબ સહન કરવું પડતું હોય છે. એવા અનેક કિસ્સા બની ચુક્યા છે જેમાં પ્રેમીપંખીડાઓ એક થઇ શકતાં ન હોવાથી કે પછી પ્રેમીને પ્રેમિકા તરફથી કે પ્રેમિકાને પ્રેમી તરફથી દગો મળતાં તેઓ આત્મહત્યા કે આત્મહત્યાનો પ્રયાસ કરતાં હોય છે. વધુ આવી બે ઘટના સામે આવી છે જેમાં એક યુવતિએ વિડીયો બનાવી પ્રેમીની માફી માંગી બાદમાં આત્મહત્યા કરી લીધી હતી. તેના ફોનમાંથી બે વિડીયો મળી આવ્યા હતાં. આ યુવતિએ છુટાછેડા લીધા બાદ એક યુવાન સાથે પ્રેમ થયો હતો. પણ ઘરના કલેશ, કંકાસથી કંટાળીને તેને દુનિયા છોડી હતી. બીજા કિસ્સામાં પ્રેમીએ લવ સેક્સ ધોખા જેવુ કરતાં એટલે કે લગ્નની લાલચ આપી દૂષ્કર્મ આચરી તરછોડીને બીજે સગાઇ કરી લેતાં યુવતિએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો પાલનપુરના તાજપુરા વિસ્તારમાં સત્યાવીસ વર્ષીય ત્યક્તા યુવતિ એક યુવાનના પ્રેમમાં પાગલ હતી. આ યુવતીએ વીડિયો બનાવીને આત્મહત્યા કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. યુવતીના મોબાઇલમાંથી બે અલગ અલગ વીડિયો સામે આવ્યા છે. જેમાં તે સ્પષ્ટપણે કહી રહી છે કે હું ઘરથી અને કંકાસથી કંટાળી ગઇ છું. જોકે યુવતીના મોબાઇલમાંથી આ ઉપરાંત અન્ય રેકોર્ડિંગ્સ પણ મળી આવ્યા હોવાથી પરિવારજનોએ પાલનપુર પોલીસ મથકમાં યુવક વિરૂદ્ધ રજુઆત કરતાં પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી હતી. આત્મહત્યા કરનાર યુવતીનું નામ રાધા છે જે બ્યુટીપાર્લર ચલાવતી હતી. સાત વર્ષ અગાઉ તેના સામાજિક રીતરીવાજ મુજબ લગ્ન થઇ ગયા હતા. પતિ સાથે મનમેળ ન



હોવાથી તેને છુટાછેડા લઇ લીધા હતા. યુવતીએ આત્મહત્યા પહેલાં વીડિયો બનાવ્યો હતો જેમાં તે પોતાના પ્રેમીની માફી માંગતી જોવા મળે છે, અને કહે છે કે-મને માફ કરજે ચાહત..તને કિધા વગર ખોટું પગલું ભરૂ છું, તું તારી લાઇફમાં દુઃખી ન થતો, ખુશ રહેજે અને શાંતિથી મેરેજ કરી લેજે. તું હમેશાં ખુશ રહેજે, જો તું દુઃખી થઇશ તો મારા આત્માને ક્યારેય શાંતિ નહીં મળે...હું બે હાથ જોડીને તારાથી માફી માગું છું અને ઘરથી અને કંકાસથી કંટાળી ગઇ છું. તુ ખુશ રહેજે અને બધાને ખુશ રાખજે.

યુવતિએ અન્ય એક વીડિયોમાં યુવતિએ કહી રહી છે કે મને ગૂંગળામણ અનુભવાઇ રહી છે, અને કંટાળી ગઇ છું. સોરી હું તને કહ્યા વિના આ પગલું ભરૂ છું. હવે હું જીંદગી જીવવા માંગતી નથી. તુ ખુશ રહેજે મારા જીવ, મારા કરતાં પપણ સારી છોકરીને શોધીને લગ્ન કરી લેજે તો મારા આત્માને શાંતિ મળશે, જો તું દુખી થઇશ તો મારા આત્માને ક્યારે શાંતિ નહી મળે. તું ચિંતા ન કરતો અને ખુશ રહેજે. પોલીસે આપઘાત કરનાર યુવતીના મોબાઇલમાંથી યુવક સાથેની વાતચીતનું કોલ રેકોર્ડિંગ અને વીડિયો મળી આવ્યા હોવાથી પોલીસે યુવતીનો મોબાઇલ કબજે કરી વિશેષ તપાસ આરંભી છે.

બીજી ઘટના મોરબી પંથકની છે. જેમાં છવ્વીસ વર્ષની યુવતીને લગ્નની લાલચ આપી એક ઇસમેં અવારનવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું તેમજ અન્ય યુવતી સાથે સગાઇ કરી લેતા ભોગ બનનારે ફોન કરતા જ્ઞાતિ -ત્યે હડધૂત કરી આખા ખાનદાનને મારી નાખવાની ધમકી આપી હતી જેથી યુવતીએ એસીડ પી લેતા સારવાર માટે ખસેડાઈ હતી. મોરબીમાં રહેતી યુવતીએ તાલુકા પોલીસ મથકમાં આરોપી વૈભવ નીલેશ ભોરણીયા (રહે. હાલ કન્યા છાત્રાલય રોડ, મોરબી, મૂળ રહે. જુના દેવળિયા તા. હળવદ) વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે આરોપી વૈભવે ભોગ બનનાર યુવતી સાથે પ્રેમસંબંધ બાંધી લગ્નની લાલચ આપી અવારનવાર શરીર સંબંધ બાંધ્યા હતા અને ભોગ બનનાર યુવતીની જાણ બહાર બીજી છોકરી સાથે સગાઇ કરી લીધી હતી. જેથી ભોગ બનનારે ફોન કરતા ફોન પર જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી યુવતીને ફરી વખત ફોન કરીશ તો આખા ખાનદાનને મારી નાખવાની ધમકી આપી હતી.

આથી યુવતીને હાડોહાડ લાગી આવતા એસીડ પી લીધું હતું. જેને પગલે યુવતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી અને આરોપીના મોબાઈલ નંબરની કોલ ડીટેઇલ મેળવી આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો જેની પૂછપરછમાં યુવતી સાથે પોતાના ઘરે તેમજ માળિયા બાજુ અવાવરૂ જગ્યાએ તેમજ મિત્ર નયનના ઘરે અને રામ કલીનીકમાં શરીર સંબંધ બાંધ્યાની કબુલાત આપી હતી પોલીસે આરોપીને ઝડપી લઈને બનાવ સમયે પહેરેલ કપડા, મોબાઈલ ફોન અને બનાવમાં ઉપયોગ કરાયેલ વાહન કબજે લઈ વિશેષ તપાસ શરૂ કરી છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# કર્મ ફળ

## વધતાં જતાં વૃદ્ધાશ્રમ એ સમાજનું ઘરેણું નથી પણ વિસરાતી સંસ્કૃતિની નિશાની છે



હમણાં જ રાજકોટને આંગણે માનસ સદભાવના અંતર્ગત એક વિશિષ્ટ હેતું માટે રામકથાનું આયોજન થયું હતું. રાજકોટ જામનગર હાઈવે પર સદભાવના વૃદ્ધાશ્રમ બની રહ્યો છે અને લગભગ ૬૦૦ આસપાસ નિરાધાર વૃદ્ધો ત્યાં આગળ રહે છે. ''અમને માવતર જોઈએ છીએ ''એવું એક સંવેદનશીલ વિધાન આ વૃદ્ધાશ્રમનું સ્લોગન છે. આજનાં સમયમાં લોકોને પોતાના માવતર ભારે પડતાં હોય ત્યારે નિરાધાર વૃદ્ધોની તકલીફો જોઈને કોઈનાં મનમાં આવી પીડ ઉપડે એ ખરેખર બહુ જ સારું કહેવાય! અને એ વંદન કરવા યોગ્ય છે. આવા ૫૦૦૦ વૃદ્ધો રહી શકે એવો વૃદ્ધાશ્રમ બનવા જઈ રહ્યો છે! અને એની માટે કથામાં જ ૬૦ કરોડ રૂપિયાનું દાન આવ્યું! જે ખરેખર બહુ મોટી રકમ કહેવાય! બાપુની સદગુરુ સમર્પણ કે હનુમાનજીની ભક્તિની શક્તિ વિશે તો શું કહેવું! આખી દુનિયા જાણે જ છે! ગમે તેટલી ફેસેલિટી હોય, પણ શું વૃદ્ધાશ્રમ બનવો એ સારું કહેવાય! ''ના'' વૃદ્ધાશ્રમ એ સમાજનું ઘરેણું નથી! એ વિસરાતા સંસ્કારની નિશાની છે. સમાજમાં રહેતાં દરેક માનવીનું સમાજ પ્રત્યે પણ એક દાયિત્વ હોય છે, અને એ ભૂલાતું જાય છે. ખેર છોડો આપણે બીજા કર્મ તો ઠીક પણ કર્તવ્ય કર્મ પણ ભૂલતાં જઈએ છીએ. તો આજે બુધવારની બોધકથામાં યુવાનોમાં વૃદ્ધાશ્રમની માનસિકતા કંઈ રીતે વધતી જાય છે એ દર્શાવતો કિસ્સો જોઈએ.

પ્રજ્ઞાબેન બહાર ઓસરીમાં બેઠા હતા, અને ખૂબ જ ઉદાસ જણાતા હતા. રડું રડું થઇ રહેલી તેમની આંખો, મને જોતા જ જાણે વરસી પડી. અને તેમને હિંમત આપવા હું ગઈ,ખરેખર તો ખબર પણ ન હતી કે શું થયું છે. પણ મુખમુદ્રા બહુ જ તંગ અને દુઃખી દેખાતી હતી, એટલે નક્કી કંઈક ઘટના ઘટી તો હશે જ.આમ તો પોતાની કરતાં ઉંમરમાં ઘણા નાનાં, પણ પ્રોફેસરની નોકરી અને બે પૈસા કમાતા હોવાનો અહમ્, એટલે જવલ્લે જ સોસાયટીમાં કોઈની સાથે બોલે. તેમના સાસુ સસરા સાથે તેમનો બહું સારો વ્યવહાર ન્હોતો.અંતે રોજના ઘર કંકાસથી કંટાળીને દિકરો તેને વૃદ્ધાશ્રમમાં મા મુકી આવ્યો. પણ આજે કંઈક જુદી જ વાત હતી. હું અપમાન કરશે કે એવું કંઈ વિચાર્યા વગર, તેની ઓસરીમાં ગઈ અને પ્રજ્ઞા બેન મને ભેટીને રડવા લાગ્યા.મેં તેમના વાસામાં હાથ ફેરવતા પૂછ્યું શું થયું? એટલે બોલ્યા કે કે માસી સાચું કહું, મને મારા કર્મનું ફળ અહીં જ મળી ગયું! કર્મ કોઈ દિવસ પીછો છોડતું નથી એ ઉક્તિ મને બરોબર સમજાય ગઈ પણ હવે શું કરવું? જે થયું એને ન થયું કંઈ રીતે.... હું કાંઈ સમજી નહિ, એટલે મનમાં વિચાર પણ આવ્યો કે હજી તો તેમનો દીકરો તો ચૌદ-પંદર વર્ષનો થયો છે, નહીં તો હજી પણ સમજ્યા કે તેણે તેના જેવુ કર્યું હોય. મેં આશ્ચર્ય ભરી નજરે એની સામે જોયું!! તો તેણે કહ્યું કે માસી મારી ભાભીએ પણ મારા મમ્મી-પપ્પાને કાઢી મૂક્યાં, અને તેઓ તેને બોમ્બેના એક વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યા છે. પિયુષ ને તો એનાં મમ્મી પપ્પાનું બહુ જ એટલે એણે તો હજી એમની ફેસેલિટી જોઈને બધું નક્કી કર્યું હતું, પણ મમ્મી કહેતી હતી કે આ તો સગવડ વગરનું છે, અને મોટેભાગે બધા કોઈ ને કોઈ બિમારી વાળા છે! ઉંમરના આ મુકામે ઈન્ફેક્શન નો પણ ભય રહે! એ લોકો કેમ બધું મેનેજ કરશે? હવે મને મારી ભૂલનો અહેસાસ થાય છે, કે મે કેટલી ગંભીર ભૂલ કરી છે. ગામડાની સંસ્કૃતિમાં રહેલા હોઈને મને પહેલેથી જ તેમની સાથે એટલું ફાવતું નહીં, પણ એનો મતલબ એ તો નથી કે, આ રીતનો વ્યવહાર મારે કરવો જોઈએ. હવે તમે જ કહો કે આ ભૂલ સુધારવા મારે શું કરવું!! ખરેખર જો પસ્તાવો થતો હોય તો ભૂલ સુધારવાનો હજી એક મોકો તમારી પાસે તો છે બેન, પણ એનો મતલબ એમ જરાય સમજતા નહીં કે, તમારી ભૂલ માફ થઈ જશે,અને તમારા માબાપ પણ પાછા ઘરે આવી જશે! એ તો તમારી ભાભીને પણ જો પસ્તાવો થાય તો, આવું થઈ શકે, બાકી તમે ચોક્કસ ભૂલ સુધારી શકો તેમ છો. અને સારા કર્મના ફળ રૂપે કદાચ સારી ઘટના ઘટી પણ શકે.સુધીર અને પિયુષ આવે એટલે તેને વાત કરી અને વહેલામાં વહેલી તકે બા બાપુજી ને ઘરે પાછા લઈ આવો. પ્રજ્ઞા બેન એ કહ્યું કે તેઓ આવશે ખરા!!પસ્તાવાનું પવિત્ર ઝરણું, ગમે તેટલી મોટી આગ બુજાવી શકે છે. એક વાર પ્રયત્ન કરવામાં શું બગડી જવાનું છે, અને તેને મારી વાત ગળે ઉતરી.

રાત્રે તેમના પતિ પિયુષભાઈ આવતા તેમણે વાત કરી, અને રડતા રડતાં પોતાના ગુનાની માફી પણ માંગી, અને કહ્યું કે મારા દિલમાં પારાવાર પસ્તાવો થાય છે, આપણે કાલે સવારે જઈ અને બા બાપુજી ને લઈ આવીએ.સુધીર એટલે કે તેમનો એકનો એક દીકરો પણ, દાદા-દાદીના આવવાની વાત પર ખુબ જ ખુશ થઇ ગયો. ત્રણેય જણા સવાર થતા જ ગાડી લઇ અને શહેરની બહાર ૨૫ કિલોમીટર દૂર આવેલ વૃદ્ધ આશ્રમ તરફ જવા નીકળી ગયા.

બીજે દિવસે સવારે સાડા છ વાગ્યામાં પ્રજ્ઞાબેનના ઘરમાંથી ''જય જગદીશ હરે'' મંગળા આરતીનો અવાજ સંભળાયો, અને ખ્યાલ આવી ગયો કે, કાંતાબેન અને કાનજી ભાઈ આવી ગયા છે. કર્મની માયાજાળ બહુ જ અટપટી છે. ખરાબ કર્મનું ફળ ઘણી વાર ઘણા સમય પછી મળે કે સારા કર્મનુ એ નક્કી નથી હોતું. પણ કર્મ ફળ અહમ કેન્દ્રીય કર્મ થાય ત્યારે એ લગભગ તરત અવશ્ય મળે.

મિત્રો આપણે આજે જે ઉંમરના છીએ એ ઉંમર જ આપણી રહેવાની નથી! અને શરીર નાશવંત છે એટલે ગમે તેટલી કાળજી રાખીએ એ કથળ્યા વગર રહેતું નથી! આજે આપણાં ઘરના વડીલો અવસ્થા ની જે તકલીફો ભોગવી રહ્યા છે એ બધી ક્યારેક આપણે પણ ભોગવવી પડશે! હંમેશા આ વાત યાદ રાખવી, જેથી કરીને કર્મની આ અટપટી માયાજાળમાં આપણે ફસાઈએ નહીં! અને જો એકવાર ફસાયા તો પુરું! પછી સત્કર્મ ને નામે લાખો રૂપિયાનું દાન પણ એ એક નિસાસા નો આડે નકામું સાબિત થાય છે! અને એમનાં હૃદયને હાશ થાય ! એમનાં મોઢેથી આશીર્વાદ નીકળે! એવું કંઈક જરૂર કરી લેવું જેથી શારિરીક અવસ્થાની પીડ ઓછી થાય.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

એકત્રીસમી ડિસેમ્બર આવતાં જ ગુજરાતમાં ખટારામોઢે દારૂ ઠાલવવા સપ્લાયરો મેદાને

# રાજકોટ થઈ ગાંધીધામ પહોંચે એ પહેલા અડધા કરોડનો દારૂ પકડાયો

## ટ્રકમાં ઉપરની તરફ પ્લાયવૂડની સીટો હતીઃ પાછળ છુપાવ્યો હતો ૫૭ લાખનો દારૂ : છેક ધુલીયાથી ટ્રક રવાના કરાયો હતોઃ સપ્લાયરનું પણ નામ ખુલ્યું

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

રાજકોટઃ રાજ્યમાં દારૂબંધી છે એ જગજાહેર વાત છે. પરંતુ આ દારૂબંધીનો ગેરફાયદો ઉઠાવી બહારના રાજ્યના સપ્લાયરો સ્થાનીક સપ્લાયરો, બૂટલેગરો સાથે મળીને મબલખ કમાણી કરતાં હોય છે. તહેવારો નજીક આવતાં જ બહારના પ્રાંતમાથી દારૂના ખટારા રવાના થઇ જાય છે. અલગ અલગ નુસખાઓનો ઉપયોગ કરી સપ્લાયરો ગુજરાતમાં દારૂ ઘુસાડી દેતાં હોય છે. જો કે ઘણીવાર પોલીસ તેના નુસ્ખાઓને નાકામ બનાવી લાખોનો દારૂ પકડી લેતી હોય છે. આવી વધુ એક સફળતા પોલીસને મળી છે જેમાં અડધા કરોડનો દારૂ કે જે છેક ધુલીયાથી રવાના થયો હતો અને રાજકોટ થઇ ગાંધીધામ જવાનો હતો. આ દારૂ મુકામ સુધી પહોંચી શક્યો નહોતો. આ જથ્થો પ્લાયવૂડની સીટોની પાછળ છુપાવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો આગામી એકત્રીસમી ડિસેમ્બર નજીક આવતાની સાથે જ અલગ-અલગ કિમીયાઓ અજમાવીને દારૂ ઘૂસાડવા બુટલેગરો સક્રિય બન્યા છે. જોકે, પોલીસ પણ તેની સામે એલર્ટ થઇ ગઇ છે. ત્યારે મોડી રાત્રે જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચે પ્લાયવુડની આડમાં વડોદરા થઇને ગાંધીધામ લઇ જવાતો રૂપિયા ૫૭.૭૫ લાખનો દારૂ, પ્લાયવુડ અને ટ્રક મળી કુલ રૂપિયા ૭૪ .૧૨ લાખનો મુદ્દામાલ કબજે કરવા સાથે દારૂ લઇ નીકળેલા ટ્રકચાલકની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. આ દારૂનો જથ્થો છેક ધુલીયાથી ભરીને રાજસ્થાની ટ્રકચાલક, ક્લીનરને અપાયો હતો અને તે ગાંધીધામ પહોંચાડવાનો હતો. પ્લાયવૂડના જથ્થા પાછળ દારૂ છુપાવાયો હતો. પરંતુ આ કારીગીરી પોલીસે ઉઘાડી પાડી હતી. જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ કૃણાલ પટેલે માહિતી આપતા જણાવ્યું હતુ કે, મંજુસર પોલીસ મથકની હદમાં એલસીબીના જવાનો પેટ્રોલિંગમાં હતા. દરમિયાન બાતમી મળી કે, એક ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને સુરત, ભરૂચ, વડોદરા હાઇ-વે પર થઇને ગાંધીધામ તરફ જઇ રહ્યો છે. જેથી એલસીબીના જવાનો દ્વારા આજોડ ગામની સીમમાં એક્સપ્રેસ-વેના ટોલનાકા ઉપર વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન બાતમીથી મળતી આવતી ટ્રક પસાર થતા તેને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



જો કે તે પહેલા જ ચાલક તથા અન્યને શંકા જતા તેમણે ટ્રકને દુર ઉભી કરીને તેમાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તેમની પાછળ એલસીબીની ટીમના જવાનોએ પીછો કરી એકને દબોચી લીધો હતો. જ્યારે અન્ય ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે અટકાયત કરેલા ઇસમે પોતાનું નામ દેવીલાલ ટીલારામજી પટેલ (રહે. નવલસિંહજી કા ગુડા, ઉદેપુર, રાજસ્થાન) હોવાનું અને તે ડ્રાઇવર હોવાનું જણાવ્યું હતું. તો ભાગી જનાર લાલસીંગ દેવડા રાજપૂત, ડ્રાઇવર હોવાનું જણાવ્યું હતું. ટ્રકમાં મુકેલા સામાન અંગે પૂછતા તેણે પ્લાયવુડ હોવાનું જણાવ્યું હતું. બાદમાં ટ્રકમાં તપાસ કરતા -થમ પ્લાયવુડ નજરે પડ્યું હતું અને તેને હટાવીને જોતા વિદેશી દારૂનો જંગી જથ્થો મળી આવ્યો હતો. બાદમાં ટ્રકને મંજુસર ખાતે લાવીને મુદ્દામાલની ગણતરી કરવામાં આવી હતી.

વધુ પુછતાછમાં દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા તે અંગે ડ્રાઇવરને પૂછાતા તેણે જણાવ્યું કે, લાલસીંગે એક મોબાઇલ નંબર આપ્યો હતો અને તેનો સંપર્ક કરતા તેણે ધૂલિયા ખાતે પહોંચીને ફોન કરવા જણાવ્યું હતું. ત્યાં પહોંચીને સંપર્ક કરતા તેઓને ઓરંગાબાદ બાયપાસ પાસે ટ્રક આપી હતી. તેની સાથે પ્લાયવુડની બીલ અને બિલ્ટી છે. ટ્રક લઇને ગાંધીધામ જવાનું જણાવ્યું હતું. જેથી તેઓ ધૂલિયાથી નીકળીને સારકીઘાટ, નવાપુરા, સોનગઢ, વ્યારા, સુરત, ભરૂચ, વડોદરા થઇને આવ્યા હતા. રાજકોટ સીહતના શહેરોમાં થઇ ગાંધીધામ સુધી આ દારૂ પહોંચાડવાનો હતો. તેમજ રસ્તામાં તેમને વોટ્સએપ ફોન કરીને શખ્સ લોકેશન પૂછતો હતો અને માર્ગદર્શન આપતો હતો. આ કાર્યવાહીમાં રૂપિયા ૫૭.૭૫ લાખનો વિદેશી દારૂ, ફોન, પ્લાયવુડ, ટ્રક સહિત કુલ રૂપિયા ૭૪.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. દેવીલાલ ટીલારામજી પટેલ (રહે. નવલસિંહ જિ. કાગુડા, રાજસ્થાન), લાલસીંગ રાજપૂત (રહે. ઉદેપુર) અને બે અજાણ્યા શખ્સો સામે મંજુસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધી છે. આ મામલે દેવીલાલ સિવાયના તમામને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરવામાં આવી છે. હજુ એકત્રીસમી સુધીમાં આ પ્રકારે કરોડોનો દારૂ ઘુસાડવામાં આવે તેવી શક્યતાએ બોર્ડરો પર પોલીસ કડક બની ગઇ છે.

‘સુશાસન’નું ઉત્તમ ઉદાહરણ એટલે ‘સેવા સેતુ’

# રાજ્યમાં ‘સેવા સેતુ’ કાર્યક્રમના કુલ ૧૦ તબક્કામાં ૩.૦૭ કરોડથી વધુ લાભાર્થીઓને લાભ અપાયો

## ૯૯.૮૯ ટકા અરજીનો નિકાલ : ૨૩ સેવાઓથી શરૂ થયેલા સેવા સેતુ કાર્યક્રમમા હાલમાં કુલ ૫૫ જેટલી સેવાઓથી નાગરિકો લાભાન્વિત

રાજકોટ, તા. ૧૭

‘સુશાસન’નું ઉત્તમ ઉદાહરણ એટલે ગુજરાતના ગ્રામીણ અને શેહરી વિસ્તારોમાં યોજવામાં આવતો ‘સેવા સેતુ’ કાર્યક્રમ. રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમના અત્યાર સુધી યોજયેલા કુલ ૧૦ તબક્કામાં અંદાજે ૩.૦૭ કરોડથી વધુ લાભાર્થીઓને લાભ આપીને સરકાર ‘આપણા દ્વારે’ મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સુશાસનની પરિપાટિ પર ગુજરાતમાં વર્ષ ૨૦૧૬થી ‘સેવા સેતુ કાર્યક્રમ’ શરૂ કરવામાં આવ્યો હતો. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા નાગરિકોના ઘર આંગણે જ વિવિધ પ્રકારની લોકોપયોગી યોજનાઓનો લાભ આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં માત્ર ૨૩ સેવાઓથી શરૂ કરેલા આ કાર્યક્રમમાં હાલ ૧૩ જેટલા વિભાગની યોજનાઓનો સમાવેશ કરીને કુલ ૫૫ જેટલી સેવાઓનો લાભ છેવાડા નાગરિકો સુધી પહોચાડવામાં આવી રહ્યો છે.




સેવા સેતુ કાર્યક્રમના કુલ ૧૦ તબક્કામાં ૩,૦૭,૬૩,૯૫૩ અરજીઓ મળી હતી, જે પૈકી ૩,૦૭,૩૦,૬૫૯ અરજીઓ એટલે કે, ૯૯.૮૯ ટકા અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે. રાજ્યમાં ગત તા. ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ એ સેવા સેતુ કાર્યક્રમનો ૧૦મો તબક્કો પૂર્ણ થયો છે. જેમાં ગ્રામીણ વિસ્તારમાં તાલુકા દીઠ ૦૩ કાર્યક્રમ અને શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા દીઠ ૦૨-૦૨ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડિસેમ્બર ૨૦૨૩ થી જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં યોજાયેલ ૦૯ તબક્કામાં ગ્રામીણ અને શેહરીકક્ષાએ મળેલી ૧૦૦ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે, જે રાજ્યના સુશાસનમાં યશકલગી સમાન છે.

સેવા સેતુ કાર્યક્રમમાં કુલ ૫૫ સેવાઓનો ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં સમાવેશ કરાયો છે. જેમાં સામાન્ય વહિવટ વિભાગ, નાણા, મહેસૂલ, શ્રમ અને રોજગાર, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો, આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, બંદરો અને વાહન વ્યવહાર, સામાજિક ન્યાય અને અધિકારીતા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ઉદ્યોગ અને ખાણ, પ્રવાસન, મહિલા અને બાળવિકાસ વિભાગ જેવા વિવિધ વિભાગોની કુલ ૫૫ સેવાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર જ આપવામાં આવે છે.

### સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અપાતી મુખ્ય સુવિધા- યોજનાઓ

સેવા સેતુ કાર્યક્રમમાં ઘર આંગણે ૧૮ વર્ષથી ઓછી વયજૂથના રહીશો માટે આધાર નોંધણી, આધાર કાર્ડમાં સુધારા (અપડેશન), રાશન કાર્ડમાં ફેરફાર, રેશનકાર્ડ ધારકોની ય-ઊંઢઈ, જાતિ પ્રમાણપત્ર, કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના, દિવ્યાંગતા પ્રમાણપત્ર, પી.એમ. જે.મા (અરજી), મેડીકલ ઓફિસર દ્વારા ઉંમરનો દાખલો, જન્મ-મરણના અને ભ્રમ નોંધણી પ્રમાણપત્ર. ઉપરાંત આધાર કાર્ડ, મોબાઈલ નંબરનું બેંક એકાઉન્ટ સાથે જોડાણ, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ, પ્રધાનમંત્રી સુરક્ષા વિમા, અટલ પેન્શન યોજના, વ્યવસાય વેરા (અરજી), સાતબાર/આઠ-અ’ના પ્રમાણપત્રો આપવામાં આવે છે.

આ ઉપરાંત આવકનો દાખલો, નોન ક્રીમીલેયર, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, દિવ્યાંગ માટે બસ કન્સેશન પાસ, ગ્ઉઈઉ કાર્ડનું રજીસ્ટ્રેશન, સમાજ કલ્યાણ અનુસૂચિત જાતિની સેવાઓની અરજી, પ્રોપર્ટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, પ્રધાનમંત્રી આવાસ યોજના, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર વ્યવસાય વેરો તેમજ વિધવા સહાય વગેરેની સેવાઓનો નાગરિકોને લાભ આપાય છે.ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈનો જન્મ દિવસ એટલે કે તા. ૨૫મી ડિસેમ્બરને દર વર્ષે દેશભરમાં ‘સુશાસન દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. તેમની યાદમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં આગામી તા. ૧૯ થી ૨૫ ડિસેમ્બર સુધી ‘સુશાસન સપ્તાહ’ની ઉજવણી કરવામાં આવશે.




વાડીમાં કામ કરતાં પિતા પાણી પીવા આવ્યા ત્યારે બંને બાળકો લીમડાના ઝાડ નીચે રમતા’તાઃ બીજી વાર આવ્યા ત્યાં ગાયબ હતાં!

# દોઢ અને ત્રણ વર્ષના બે બાળકોને મહિલા ઉઠાવી ગઈ!

## ટંકારાના નેકનામની વાડીમાં બનાવઃ ટંકારા-વાંકાનેર પોલીસની ટીમોએ દિવસરાત એક કર્યાઃ અપહરણકાર મહિલાને બાળકો સાથે દબોચી લીધીઃ માનસિક અસ્વસ્થ હોય તેવું વર્તનઃ બાળકો ગમતા હતાં એટલે લઈ ગયાનું રટણ!

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

રાજકોટઃ માસુમ બાળકો ગૂમ થવાની કે અપહરણ થવાની ઘટનાઓ અવાર-નવાર પોલીસ દફ્તરે નોંધાતી હોય છે. સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર સગીરવયના બાળકો ગૂમ થાય તો તુરત પોલીસે અપહરણનો ગુનો નોંધી કાર્યવાહી કરવાની હોય છે. દરમિયાન મોરબી જીલ્લાના ટંકારા તાબેના નેકનામ ગામની સીમમાં આવેલી વાડીમાં રહી મજૂરી કરતાં દાહોદના પરિવારના દોઢ અન ત્રણ વર્ષની વયનાબે સગા ભાઇ વાડીમાંથી રમતાં રમતાં ગૂમ થઇ જતાં શોધખોળ થતાં અને પોલીસે પણ તપાસમાં ઝુકાવતાં બંને બાળકોને એક મહિલા ઉઠાવી ગયાના સીસીટીવી ફૂટેજ સામે આવતાં પોલીસ ચોંકી ગઇ હતી. રાજ્યભરની પોલીસને જાણ કરી તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. જો કે ભારે મહેનતને અંતે બીજા દિવસે સવારે આ બંને બાળકો સાથે અપહરણકાર મહિલાને પોલીસે શોધી કાઢતાં હાશકારો થયો હતો.

અપહરણની ઘટનાની વિગતો પર નજર કરીએ તો ટકારાના નેકનામ ગામની સીમમાં આવેલી કાંતિભાઇ પટેલની વાડીમાં મુળ દાહોદના ધાનપુર તાબેના વાડસીયા ગામનો કૌશિક જેઠાભાઇ બારૈયા અને તેના પત્નિ અને બાળકો સાથે રહી ખેત મજૂરી કરે છે. સોળમી તારીખે સવારે સાડા દસક વાગ્યે કેશરભાઇ અને તેના પત્નિ જોશનાબેન વાડીમાં કામ કરતાં હતાં ત્યારે તેના બે પુત્રો વૈભવ (જેની ઉમર દોઢ વર્ષ છે) તથા હાર્દિક (જેની ઉમર ત્રણ વર્ષ છે) તે વાડીની ઓરડી પાસે રહતાં હતાં. કેશરભાઇ વાડીએથી રૂમ પર પાણી પીવા આવ્યા ત્યારે બાળકો લીમડાના ઝાડ નીચે રમતાં હતાં. ફરી તે કામે જતાં રહ્યા હતાં અને અડધા કલાક પછી ફરી પાણી પીવા આવતાં બાળકો જોવા મળ્યા નહોતાં. બને બાળકો ગૂમ થઇ જતાં માતા-પિતા અને વાડી માલિક સહિતે દોડધામ શરૂ કરી હતી. આકુળ વ્યાકુળ થઇ માતા-પિતા સહિતના બંને લાડકવાયાને શોધવા કામે લાગ્યા હતાં. પરંતુ પત્તો મળ્યો નહોતો.



**મધ્યપ્રદેશ તરફની આ મહિલાનો ખરેખર ઈરાદો શું હતો? તે જાણવા તપાસનો ધમધમાટ**

બાદમાં આ મામલે ટંકારા પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ પણ ટીમો બનાવી તુરત તપાસમાં સામેલ થઇ ગઇ હતી. એ દરમિયાન સીસીટીવી કેમેરા ચેક કરતાં એક મહિલા આ બાળકોને લઇ જતી જોવા મળતાં પોલીસે કેશરભાઇ જેઠાભાઇ બારીયાની ફરિયાદ પરથી તેના બે પુત્રોના અપહરણ કરી જવાનો અજાણી મહિલા સામે ગુનો દાખલ કર્યો હતો. આ મામલે રાજ્યભરની પોલીસને જાણ કરવામાં આવી હતી. તપાસનો ધમધમાટ અલગ અલગ પોલીસની ટીમોએ શરૂ કરી દીધો હતો. એ દરમિયાન સફળતા મળી હતી અને વાંકાનેર નજીકથી અપહરણકાર મહિલાને બે અપહૃત બાળકો સાથે શોધી કાઢવામાં આવી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ બાળકોને અને અપહરણકાર મહિલાને શોધી કાઢવા પોલીસ મહાનિર્દેશક અશોકકુમાર યાદવ, પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સુચના મળતાં નાયબ પોલીસ અધિક્ષક એસ. એચ. સારડાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઇ એમ. પી. પંડ્યા, પીએસઆઇ કે. એસ. ભોંચીયા, પીઆઇ એસ. કે. ચારેલ, પીએસઆઇ એમ. જે. ધાધલ, પીઆઇ ડી. વી. ખરાડી, વાંકાનેર તાલુકા પોલીસ, ટંકારા પોલીસની ટીમ, વાંકાનેર સીટી પોલીસની ટીમના હેડકોન્સ. મુકેશભાઇ ચાવડા, કોન્સ. હિતેન્દ્રસિંહ મનુભા, કોન્સ. અજયભાઇ સગરામભાઇ, કોન્સ. રમેશભાઇ સોમાભાઇ, મોરબી જીલ્લા એલસીબીની ટીમોએ દિવસરાત એક કર્યા હતાં. એ દરમિયાન આરોપીને શોધી કાઢવામાં સફળતા મળતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો.

અપહરણકાર મહિલા અને તેની સાથે બે અપહૃત બાળકોને આજે વહેલીસ વારે મીતાણા-વાલાસણ-વાંકાનેર વિસ્તારમાં ચેકીંગ દરમિયાન શોધી કાઢ્યા છે. બંને બાળકોને તેના માતા-પિતાને સોંપી આરોપી મહિલાને સકંજામાં લઇ પુછતાછ શરૂ કરવામાં આવી છે. જો કે આ મહિલા પોતાનું નામ જણાવતી હતી. પોતાને બાળકો ગમતાં હોવાથી લઇ ગયાનું રટણ કર્યુ હતું. તે મધ્યપ્રદેશ તરફથી હોવાનું લાગે છે. પોલીસ તેને નામ પુછે છે તો-મારુ નામ કશું નથી! એવા જવાબો આપ્યા હતાં. આ મહિલા માનસિક અસ્વસ્થ હોવાનું નાટક કરતી હતી કે પછી સાચ્ચે તેની માનસિક સ્થિતિ બરાબર નથી? તે અંગે તપાસ ચાલુ રાખવામાં આવી છે. પોલીસ આરોપી મહિલાનું કાઉન્સેલીંગ કરી વિશેષ વિગતો ઓકાવવા પ્રયાસ કરી રહી છે.

### સોશિયલ મિડીયા પ્લેટફોર્મનો દુરૂપયોગઃ આ માધ્યમથી ગમે તેની સાથે મિત્રતા-પ્રેમ કરતાં પહેલા સો વખત વિચારવાનો સમય

# ઈન્સ્ટાગ્રામથી પ્રેમમાં ફસાવી વારંવાર ગુજાર્યુ દૂષ્કર્મ

## યુવતિને કહ્યું-મારા છુટાછેડા થઇ જાય એટલે તારી સાથે લગ્ન કરીશઃ ફ્લેટ પણ રહેવા દીધોઃ ઘરમાં લવલફરાની જાણ થતાં શીતલ પાર્કના શખ્સે સંબંધ પુરા કર્યા, ફોન પણ ઉપાડવાનું બંધ કર્યુઃ લવ સેક્સ ધોખાનો ભોગ બનેલી યુવતિએ અંતે તાલુકા પોલીસમાં દાખલ કરાવી એફઆઇઆર

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

રાજકોટઃ સોશિયલ મિડીયાના યુગમાં લોકો ઝડપથી એક બીજાના સંપર્કમાં આવી જાય છે. જો કે આ માધ્યમનો દુરૂપયોગ પણ બેફામ થઇ રહ્યો છે. વધુ એક વખત એક લેભાગુએ સોશિયલ મિડીયા ઇન્સ્ટાગ્રામ થકી એક યુવતિને પોતાની મોહજાળમાં ફસાવી પોતે પરણેલો હોઇ છુટુ થઇ જશે એટલે લગ્ન કરી લેશે તેમ કહી આ યુવતિને રહેવા માટે ફ્લેટ આપી લગ્નની લાલચ આપી અવાર-નવાર દૂષ્ર્મ આચરી લેતાં અને બાદમાં પોતાના ઘરે પોતાના આ લવલફરાની જાણ થઇ જતાં યુવતિને ફ્લેટમાંથી હાંકી કાઢી તેમજ તેના ફોન ઉપાડવાનું પણ બંધ કરી દેતાં લવ સેક્સ ઔર ધોખાનો અહેસાસ થતાં યુવતિ પોલીસ પાસે પહોંચી હતી. તેની પાસેથી આ શખ્સે મકાન લેવા પાંચ લાખ રૂપિયા પણ અગાઉ લઇ લીધા હતાં.

શારીરિક સાથે આર્થિક શોષણનો પણ ભોગ બનેલી બત્રીસ વર્ષિય યુવતિએ આ મામલે તાલુકા પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી છે. યુવતિની ફરિયાદ પરથી રાજકોટ શીતલ પાર્કમાં રહેતાં ધર્મરાજસિંહ હેતુભા જાડેજા વિરૂધ્ધ તાલુકા પોલીસે લગ્નની લાલચ આપી અવાર-નવાર દૂષ્કર્મ ગુજારવા મામલે એફઆઇઆર દાખલ કરી તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કાર્ય છે. ભોગ બનનાર મહિલાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે હું મુળ દેવભુમિ દ્વારકા પંથકની વતની છું. છેલ્લા સાતેક વર્ષથી રાજકો રહુ છું અને ઘરકામ કરુ છું. આશરે બે વર્ષ પહેલા તા. ૧૬/૧૦/૨૨ના રોજ હું ઇન્સ્ટાગ્રામ એપ્લીકેશનનો ઉપયોગ કરતી હોઉ તેના મારફત શીતલ પાર્કના ધર્મરાજસિંહ હેતુભા જાડેજા સાથે સંપર્ક થયો હતો.

તેણીએ આગળ કહ્યું હતું કે ત્યાર પછી અમે બંનેએ ફોન નંબરની આપ-લે કરી હતી. ત્યારબાદ અમે ફોનમાં વાતચીત કરતાં હોઇ અમારી વચ્ચે પ્રેમસંબંધ બંધાઇ ગયો હતો.



**એક વખત તો આ શખ્સે મકાન લેવા જરૂર છે કહી યુવતિ પાસેથી પાંચ લાખ રૂપિયા પણ લઇ લીધા!**

ત્યારબાદ અમે બંને એકબીજાને રૂબરૂ મળતાં હતાં. એ વખતે ધર્મરાજસિંહે કહેલું કે મારા લગ્ન થઇ ગયા છે પરંતુ ત્યાંથી છુટુ થઇ જશે ત્યારબાદ હું તારી સાથે લગ્ન કરીશ. આ પછી અમે અલગઅલગ જગ્યાએ ફરવા જતાં હતાં. દ્વારકા, કબરાઉ, સરાર સહિતના સ્થળોએ ફરવા ગયા હતાં. ત્યારે તેણે મારી સાથે ફોટા પણ પાડ્યા હતાં. આ પછી ધર્મરાજસિંહે મને કહેલુ કે જ્યાં સુધી મારા છુટાછેડા ન થઇ જાય ત્યાં સુધી તારે હું કહું એ ફ્લેટમાં રહેવાનું છે. તેમ કહી તેણે મને એક ફ્લેટ રહેવા માટે આપ્યો હતો. આ ફ્લેટમાં તેણે મારી સાથે લગ્નની લાલચ આપી અવાર-નવાર શરીર સંબંધ બાંધી લીધા હતાં. એક વખત તેણે પોતાને મકાન લેવુ છે તેવી વાત કરતાં મેં તેને ગૂગલ પેથી પાચ લાખ રૂપિયા પણ આપ્યા હતાં. યુવતિએ આગળ કહ્યું છે કે ત્યારબાદ અમારા પ્રેમસંબંધની જાણ ધર્મરાજસિંહની ઘરે થઇ જતાં તેણે ધીમે ધીમે મારી સાથેનો સંબંધ ઓછો કરી નાખ્યો હતો.

છેલ્લે આજથી દોઢેક મહિના પહેલા ૨૦/૧૦/૨૪ના રોજ તેણે ફ્લેટમાં ફરીવાર શરીર સંબંધ બાંધ્યો હતો. એ પછી હું જે ફ્લેટમાં રહેતી હતી તે ફ્લેટ ધર્મરાજસિંહના પરિવારના લોકો ખાલી કરાવવા આવ્યા હતાં. મને ફ્લેટ ખાલી કરવાનું કહી બાદમાં ધર્મરાજસિંહે પણ સંબંધ પુરો કરી નાખ્યો હતો. બે વર્ષ સુધી મને લગ્ન કરવાની લાલચ આપી પ્રલોભન આપી શારીરિક શોષણ કરી શરીર સંબંધ બાંધી લીધા હતાં. હવે તે મારો ફોન પણ ઉપાડતો નથી. આથી મારે ફરિયાદ નોંધાવવી પડી હતી. તેમ વધુમાં ભોગ બનનાર મહિલાએ જણાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર સી. એચ. જાદવની રાહબરીમાં એએસઆઇ જી. કે. પરમારે ગુનો દાખલ કરાવતાં વધુ તપાસ બી. વી. સરવૈયાએ હાથ ધરી હતી. આમ સોશિયલ મિડીયા પ્લેટફોર્મનો વધુ એક વખત દુરૂપયોગ કરી યુવતિને ફસાવી સર્વસ્વ લૂંટી લેવાયું હતું. તેણીને શારીરિક ઉપરાંત આર્થિક શોષણનો પણ ભોગ બનવું પડ્યું હતું. ગમે તેની સાથે આ રીતે મિત્રતા કે પ્રેમ કરતાં પહેલા વિચારવાનો સમય છે તેવું વધુ એક વખત આ ઘટના પરથી ફલીત થયું છે.

### ત્રણ સવારીમાં નીકળ્યો, નિયમ ભંગ કર્યો ને માથે જતાં સીન કર્યા...ટ્રાફિક પોલીસે કાયદો સમજાવ્યો

# તમને વાહન ડીટેઇન કરવાની સત્તા નથી, કાગળો જોવા હોય તો હાલો ભેગા!

## વાહનચાલકની ટ્રાફિક પોલીસ સાથે ધમાલઃ કિસાનપરા ચોકના વાયરલ થયેલા વિડીયોમાં ગાંધીગ્રામ જીવંતીકાનગરના શખ્સ સામે નોંધાયો ફરજમાં રૂકાવટનો ગુનો

રાજકોટ, તા. ૧૭

રાજકોટઃ શહેરમાં અવાર-નવાર વાહન ચેકીંગ વખતે વાહન ચાલકો અને પોલીસ વચ્ચે ડખ્ખા થતા રહે છે. વધુ એક વખત આવી માથાકુટનો વિડીયો વાયરલ થયો હતો. આ ડખ્ખો કિસાનપરા ચોકમાં થયો હતો. ટ્રાફિક બ્રાંચ દ્વારા ત્રણ સવારીમાં નીકળેલા શખ્સને અટકાવી લાયસન્સ, કાગળો માંગતાં તેણે મારી પાસે નથી ઘરે છે તેમ કહી કાગળો જોવા હોય તો મારી સાથે આવો તેમ કહી ટ્રાફિક પોલીસ કર્મચારીઓ સાથે ગેરવર્તન કરી બેફામ ગાળો દઇ ફરજમાં રૂકાવટ કરતાં પોલીસે તેને કાયદાનું ભાન કરાવ્યું હતું. તેની સામે ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ એફઆઇઆર દાખલ કરાવવામાં આવી હતી.



વિગતો પર નજર કરીએ તો માથાકુટના આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે ટ્રાફિક શાખા સેકટર-૪ના કોન્સ્ટેબલ જીતેશભાઇ માધાભાઇ દાફડાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ જીવંતીકા નગર મેઇન રોડ માતૃછાંયા ખાતે રહેતાં વિમલ શાંતિલાલ પીઠડીયા વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવતાં એ-ડિવીઝન પોલીસે તેની ધરપકડ કરી હતી. કોન્સ. જીતેશભાઇ દાફડાએ જણાવ્યું છે કે હું તથા હેડકોન્સ. સાગરભાઇ, હેડકોન્સ. એભલભાઇ, રામભાઇ સહિતનો સ્ટાફ પીઆઇ એમ. જી. વસાવા સાથે કિસાનપરા ચોકમાં વાહન ચેકીંગમાં હતાં ત્યારે રાતે બાલભવનના ગેઇટ તરફથી એક શખ્સ ત્રણ સવારીમાં આવ્યો હતો. તેના બાઇકના નંબર જીજે૦૩ડીઆર-૯૪૮૩ હતાં. તેની પાસે ડ્રાઇવીંગ લાયસન્સ અને ગાડીના કાગળો માંગતા તેણે કહેલુ કે મારી પાસે તે ભેગા નથી, ઘરે છે. જેથી મેં કહેલુ કે વ્હોટ્સએપમાં મંગાવી લો. પણ તેણે મને કાગળો જોવા હોય તો મારી સાથે ચાલો તેમ કહી બોલાચાલી કરી હતી. તેમજ ગાળો દેવા માંડ્યો હતો.

ટ્રાફિક કોન્સ. જીતેશભાઇએ આગળ કહ્યું હતું કે વાહન ચેકીંગમાં અમારી સાથે પોલીસ ઇન્સપેક્ટર એમ. જી. વસાવા હોઇ તેણે લાયસન્સ માંગતા તેની સાથે પણ જેમતેમ બોલવા લાગતાં પીઆઇએ દંડ ભરી દેવાનું કહેતાં તેણે દંડ ભરવો નથી તેમ કહેતાં પીઆઇએ તો વાહન ડિટેઇન થશે તેમ કહેતાં તેણે ઉશ્કેરાઇ જઇ ઉંચા અવાજે વાત કરી વધુ ગાળો દીધી હતી. તેમજ તમને વાહન ડિટેઇન કરવાની સત્તા નથી, આ મારી ગાડી છે કહી ઝઘડો કર્યો હતો. પીઆઇ વસાવાએ નામ પુછતાં તેણે પોતાનું નામ વિમલ શાંતિલાલ પીઠડીયા (રહે. ગાંધીગ્રામ જીવંતીકાનગર મેઇન રોડ) જણાવ્યું હતું. તેણે કાગળો કે લાયસન્સ ન બતાવી તેમજ સ્ટાફ સાથે ગેરવર્તન કરી ફરજમાં રૂકાવટ કરતાં અંતે અમારે ફરિયાદ નોંધાવવી પડી હતી. તેમ વધુમાં જીતેશભાઇએ જણાવતાં એ-ડિવીઝન પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરવા કાર્યવાહી હાથ ધરી હતી. આ પ્રકારની માથાકુટ લગભગ દરરોજ વાહન ચેકીંગ વખતે કોઇને કોઇ વાહનચાલક કરતો હોય છે. પોલીસ આવા કિસ્સામાં કડક કાર્યવાહી કરી ગુના દાખલ કરી ધરપકડ કરતી હોય છે. આમ છતાં વાહનચાલકો સમજતા નથી અને ડખ્ખા કરી બેસે છે.





# થર્ટી ફર્સ્ટ અંતર્ગત P.C.B.નું ચેકીંગ પુરજોશમાંઃ દારૂનો જથ્થો ભરેલી કાર પકડી

## જંગલેશ્વર રોડ પરથી મયંક બગથરીયાને એક્યાસી બોટલો સાથે પકડી લીધો

રાજકોટ, તા. ૧૭

રાજકોટઃ શહેરમાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરને અનુલક્ષીને દરોડા ચાલુ રહ્યા છે. વધુ એક વખત શહેર પીસીબીનીટીમે દારૂના જથ્થા સાથે એક શખ્સને પકડી લીધો છે. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે વાલજીભાઇ જાડા અને કિરતસિંહ ઝાલાને મળેલી બાતમીને આધારે જંગલેશ્વર મેઇન રોડ હુશેની ટી સ્ટોલ પાસેથી આઇ-૧૦ કાર આંતરી લેવાઇ હતી. આ કારમાંથી દારૂની રૂા. ૩૨૪૦૦ની ૮૧ બોટલ મળી આવતાં ચાલક ઓગણીસ વર્ષના મયંક ઘનશ્યામભાઇ બગથરીયા (રહે. આવાસ ક્વાર્ટર બ્લોક નં. ૩૦૭, સાતમો માળ, કોટેચા ચોક ટ્વીન્સ ટાવર પાછળ, મુળ ગોકુલધામ સોસાયટી-૨, બ્લોક નં. ૪ જામકંડોરણા)ને પકડી લીધો હતો. પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, કોન્સ. વાલજીભાઇ જાડાની બાતમી પરથી આ કાર્યવાહી થઇ હતી. પોલીસે દારૂનો જથ્થો, જીજે૦૩એઆર-૭૬૬૩ નંબરની પાંચ લાખની કાર મળી રૂા. ૫,૩૨,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ શખ્સ ક્યાંથી દારૂ લાવ્યો? કોને આપવાનો હતો? તેની તપાસ થઇ રહી છે. પીસીબીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ, પી. બી. ત્રાજીયા, ટીમના મયુરભાઇ, સંતોષભાઇ, મહિપાલસિંહ, હરદેવસિંહ, કિરતસિંહ, કરણભાઇ, ઘનશ્યામસિંહ, વિરૂભા, હરદેવસિંહ, કુલદિપસિંહ, રાહુલગીરી, ગિરીરાજસિંહ, યુવરાજસિંહ, વિજયભાઇ, દેવરાજભાઇ, વાલજીભાઇ, નગીનભાઇ, હિરેનભાઇએ આ કામગીરી કરી હતી.

### રૈયાધારના વિધર્મી જાહીદે ત્રણ સંતાનની માતા એવી મિત્રની પત્નિને કહ્યું-તમે મને બહુ ગયો છો, શરૂઆતમાં ફોનમાં વાતો કરી પછી પ્રેમજાળમાં ફસાવી

# દોસ્ત બન્યો હવસખોરઃ મિત્રની પત્નિને ફસાવી બળાત્કાર

## પરિણીતાના પતિને સંબંધની ખબર પડતાં તેણે રિલેશન ખતમ કર્યાઃ એક વર્ષ પછી જાહીદ ઓચીંતો બોલેરો લઇને આવ્યો, રસ્તામાં આંતરી ગાડીમાં ખેંચી દૂષ્કર્મ આચર્યુઃ પછી રૈયાધાર ડોક્યુમેન્ટ લઇ જવા માટે બોલાવી ફરી દેહ પીંખ્યોઃ પ્રદ્યુમનનગર પોલીસે એફઆઇઆર દાખલ કરી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

રાજકોટઃ દોસ્તીની તો અનેક દાસ્તાન હોય છે. એક મિત્ર બીજા મિત્ર માટે કુરબાન થવા પણ તૈયાર હોય છે. પરંતુ ઘણા કિસ્સાઓમાં અમુક લેભાગુઓ દોસ્તીના નામે કલંક સાબીત થતાં હોય છે. આવી જ એક દોસ્તની દગાખોરી, હવસખોરી સામે આવી છે. રાજકોટના રૈયાધારમાં રહેતાં વિધર્મી શખ્સે પોતાના હિન્દુ મિત્રની પત્નિને પહેલા ફોન પર વાતચીત કરી ભોળવી તમે મને બહુ ગમો છો તેવી વાતો કરી પ્રેમજાળમાં ફસાવી બાદમાં ધમકાવી મારકુટ કરી બળાત્કાર ગુજારી લેતાં વાત પોલીસ સુધી પહોંચી છે. ઘરમાં પતિને સંબંધની ખબર પડી જતાં તેણીએ રિલેશન ખતમ કર્યા હતાં. એક વર્ષ પછી અચાનક પતિના મિત્રએ આવી બોલેરો ગાડીમાં તેણીને ખેંચી ગાડીમાં જ બળજબરી આચરી લીધી હતી. એ પછી રૈયાધાર ખાતેથી ડોક્યુમેન્ટ લઇ જવાનું કહીને ત્યાં બોલાવીને ફરી વખત બળાત્કાર ગુજારી લીધો હતો. ફરિયાદ થતાં ભાગી ગયેલા આ શખ્સને પોલીસ શોધી રહી છે.

ચોંકાવનારી અને દોસ્તીના નામે દગાખોરીની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં પ્ર.નગર પોલીસે ભોગ બનનાર તેત્રીસ વર્ષિય પરિણીતાની ફરિયાદ પરથી રૈયાધારના જાહીદ જુસબભાઇ જુણેજા વિરૂધ્ધ બળાત્કાર ધમકી મારકુટ નો ગુનો નોંધ્યો છે. જાહીદે પરિણીતાને હવે તું કેમ મારી સાથે સંબંધ રાખતી નથી? કહી તેણીને બોલેરો ગાડીમાં બેસાડી દૂષ્કર્મ આચરી તેમજ એક વખત રૈયાધાર ખાતે બોલાવી બળાત્કાર ગુજારી લીધાનો અને ઢીકાપાટુનો માર માર્યાનો ગુનો નોંધ્યો છે. આ બનાવમાં ભોગ બનનાર મહિલાએ જણાવ્યું છે કે મારે ત્રણ સંતાન છે. થોડા વર્ષ પહેલા હું બીજા સ્થળે રહતી હતી ત્યારે રૈયાધારમાં રહેતાં




મારા પતિના મિત્ર જાહીદ જૂણેજા સાથે સંપર્ક થયો હતો. એ પછી તે અવાર-નવાર મારી સાથે ફોનમાં વાતચીત કરતો હતો. એ પછી જાહીદે મને કહેલુ કે હું તમને પસંદ કરુ છું. ત્યારબાદ અમે ફોનમાં વાતચીત ચાલુ કરતાં અમારી વચ્ચે પ્રેમસંબંધ બંધાઇ ગયો હતો. અમે ત્યારબાદ અવાર-નવાર મળતાં હતાં. ૨૦૨૨માં મારા પતિ અને બાળકો સાથે હું શહેરના અન્ય વિસ્તારમાં રહેવા ગઇ હતી.

પરિણીતાએ આગળ જણાવ્યું હતું કે બાદમાં મારા અને જાહીદના પ્રેમસંબંધની મારા પતિને ખબર પડી જતાં મેં આ સંબંધ પુરો કરી નાંખ્યો હતો. ત્યારબાદ એક વર્ષ સુધી અમે સંપર્કમાં નહોતાં. મહિલાએ આગળ જણાવ્યું હતું કે ગત ફેબ્રુઆરી-૨૦૨૪માં હું મારા દિકરાને સ્કૂલેથી તેડીને આવતી હતી ત્યારે સાંજે સાડા ચારેક વાગ્યે જાહીદ અને તેનો મિત્ર નિરવ બોલેરો લઇને આવ્યો હતો. નિરવ મારા દિકરાને રમાડવા લઇ ગયો હતો અને જાહીદે મને બોલેરોમાં બેસાડીને હવે કેમ મારી સાથે સંબંધ રાખવો નથી? તેમ કહી બોલેરો ગાડીમાં જ મારી સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધી લીધો હતો. ત્યારબાદ તેણે-તારા કારણે મને મારી પત્નિ મુકીને જતી રહી છે..તેમ કહી મને ગાલ પર લાફા મારી તેમજ શરીરે મુંઢ માર માર્યો હતો.

ત્યાર પછી જાહીદે મારી પાસેથી મારા ડોક્યુમેન્ટ લઇ લીધા હતાં. જેમાં જન્મતારીખનો દાખલો પણ હતો. ત્યારબાદ તેનો મિત્ર નિરવ મારા દિકરાને લઇને આવતાં હું ઘરે જતી રહી હતી. એ પછી અવાર-નવાર હું મારા દિકરાને શાળાએ તેડવા મુકવા જાઉ ત્યારે જાહીદ આવતો હતો. એપ્રિલ-૨૦૨૪માં મને ફોન કરી રૈયાધારમાં તેની બહેનના ઘરે આવી મારો જન્મતારીખનો દાખલો લઇ જવાનું કહેતાં હું ત્યાં જતાં ત્યારે પણ જાહીદે ગાળો દઇ મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારી લીધો હતો. આવુ થવાથી હું ડરી ગઇ હતી. પતિને ખબર પડશે તો ઝઘડા થશે એમ માની ફરિયાદ કરી નહોતી. અંતે મારે હવે ફરિયાદ કરવી પડી હતી તેમ વધુમાં ભોગ બનનારે જણાવતાં ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધીકા ભારાઇના માર્ગદર્શન હેઠળ પ્રદ્યુમનનગરના પોલીસ ઇન્સ્પેક્ટર ભાર્ગવ એમ. ઝણકાતની રાહબરી હેઠળ પીએસઆઇ જે. એમ. જાડેજાએ તપાસ હાથ ધરી હતી. આરોપી ફરાર થઇ ગયો હોઇ તેને શોધી કાઢવા દોડધામ શરૂ થઇ છે.

ભીસ્તીવાડના યાસીને ચાર દિવસ પહેલા જેલમાંથી બહાર આવી બીજા જ દિવસે પુર્વ પ્રેમિકાના ઘરમાં ઘુસી મારી દિકરી આપી દે, પૈસા આપી દે કહી ધમાલ મચાવી

# ગુજસીટોક ફેઈમ ભૂરાનો જેલમાંથી છૂટતા જ ખેલ: પ્રેમિકાને ધમકી

## મારે અજમેર જાવુ છે, ગાડી લેવી છે, પૈસા નહિ દે તો તને મારીને મારા કાળા હાથ લાલ કરવા પડશેઃ પ્રધુમનનગર પોલીસે વધુ એક ગુનો દાખલ કર્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

અમુક ગુનેગારો એવા હોય છે જે ગમે એટલી વાર જેલમાં જાય તો પણ તેના વર્તનમાં સુધારો થતો હોતો નથી. આવા અનેક કિસ્સા અગાઉ પોલીસ ચોપડે નોંધાયા છે. દરમિયાન ભીસ્તીવાડમાં રહેતાં અને અગાઉ સંગઠીત ગુનાખોરી આચરવા બદલ ગુજસીટોક હેઠળ જેલમાં ધકેલાયા અને બાદમાં જામીન પર છુટેલા ભુરા તરીકે ઓળખાતા નામચીન શખ્સ વિરૂધ્ધ પુર્વ પ્રેમિકાએ ફરિયાદ કરતાં ફરી જેલમાં ગયો હોઇ ચાર દિવસ પહેલા જેલમાંથી બહાર આવી ફરીવાર પુર્વ પ્રેમિકાના ઘરે જબરદસ્તીથી ઘુસી જઇ તેણી પાસે પૈસા માંગી તેમજ દિકરી આપી દેવાનું કહી મારી નાખવાની ધમકી આપી ખેલ કરતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી છે. ચોંકાવનારી આ ઘટનામાં પ્રધુમનનગર પોલીસે ચોત્રીસ વર્ષિય મહિલાની ફરિયાદ પરથી યાસીન ઉર્ફ ભુરો ઓસમાણ કઇડા વિરૂધ્ધ બીએનએસની કલમ ૩૨૯ (૧), ૩૫૧ (૩) મુજબ ગુનો દાખલ કર્યો છે. જેમાં આરોપ મુકાયો છે કે યાસીન ઉર્ફ ભુરાએ મહિલાના ઘરમાં બળજબરીથી ઘુસી મારી દિકરી ક્યાં છે? પૈસા આપ કહી ડખ્ખો કરી બાદમાં ફોન કરી મારી દિકરીને આપી જા નહિતર તને છરીના ઘા મારી પતાવી દઇશ તેવી ધમકી આપી હતી. એફઆઇઆરમાં મહિલાએ આગળ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું. નવ વર્ષ પહેલા હું અને યાસીન રિલેશનશીપમાં હતાં. તેના કારણે મારે ત્રણ બાળકો થયા હતાં.



પરંતુ એ પછી જે તે વખતે યાસીને મારી સાથે લગ્ન કરવાની ના પાડતાં મેં તેના વિરૂધ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં યાસીનની ધરપકડ થતાં તે રાજકોટ સેન્ટ્રલ જેલમાં ધકેલાયો હતો. ગત ૧૨/૧૨/૨૪ના રોજ જેલમાંથી તે જામીન પર છુટી ગયો હતો. ૧૩/૧૨ના રોજ તે સવારે મારા ઘરમાં જબરદસ્તીથી ઘુસી ગયો હતો અને કહ્યું હતુ કે-મારી દિકરી ક્યાં છે? જેથી મેં તેણી સ્કૂલે ગઇ છે તેમ કહેતાં યાસીને મારે પૈસા જોઇએ છે, તું મને પૈસા આપ, હું જેલમાંથી છુટીને આવ્યો છું મારી પાસે પૈસા નથી. જેથી મેં કહેલું કે તું હવે મને માફ કરી દે અને મને હેરાન કરવાનું બંધ કરી દે. દિકરી શાળાએથી આવશે એટલે મળવા મોકલીશ. તેમ કહેતાં તે જતો રહ્યો હતો.

ત્યારબાદ પંદરમી ડીસેમ્બરે એટલ કે આજથી ત્રણ દિવસ પહેલા ફરીવાર રાતે નવ વાગ્યે યાસીને મને મેસેજ કર્યો હતો કે મને પૈસા આપ મારે અજમેર જાવુ છે, મારે ગાડી લેવી છે. મેં તેણે મારી પાસે હાલ પૈસા નથી. તેમ કહેતાં તેણે મારી દિકરી દઇ જા નહિતર હું તને છરીના ઘા મારી પતાવી દઇશ, મારા કાળા હાથ છે તેને લાલ કરી નાખીશ તેમ કહી ધમકી આપી હતી. આથી ગભરાઇને મારે ફરિયાદ કરવી પડી હતી. અગાઉ યાસીન વિરૂધ્ધ ગુજસીટોકનો ગુનો પણ નોંધાયો હતો. તેમાં પણ તે જામીન પર છુટેલો છે. ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇની સુચના અંતર્ગત પોલીસ ઇન્સ્પેક્ટર ભાર્ગવ એમ. ઝણકાતના માર્ગદર્શનમાં પીએસઆઇ જે. એમ. પરમારે ગુનો નોંધી યાસીન ઉર્ફ ભુરો કઇડાની શોધખોળ હાથ ધરી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ અગાઉ સાત ગુનાઓમાં સંડોવાઇ ચુક્યો છે. ભીસ્તીવાડની સંગઠીત ગુનાખોરી આચરતી ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી થઇ તેમાં યાસીન ઉર્ફ ભુરો પણ આરોપી તરીકે સામેલ હતો. અનેક ગુનામાં તે સામેલ હોવા છતાં જેલમાંથી છુટી ફરીથી એક ગુનો આચરી લેતાં પોલીસ તેને નવા ગુના માટે શોધી રહી છે.

# વિદેશી દારૂની ૨૦ બોટલ સાથે ચેતન મકવાણા-કરણ સિંધવ પકડાયા

## રૂ.૧૯૭૫૦નો મુદ્દામાલ કબજે કરતી એરપોર્ટ - PCB પોલીસ

રાજકોટ મિરર તા.૧૭

દારૂની હેરાફેરીને ડામવા પોલીસે બુટલેગરો સામે બાજ નજર રાખી છે. એરપોર્ટ અને માલવિયા નગર પોલીસે શહેરમાં ૨ સ્થળે દરોડા પાડી દારૂની ૨૦ બોટલ મળી રૂ. ૧૯૭૫૦ના મુદ્દામાલ સાથે ૨ શખ્શોને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ એરપોર્ટ પોલીસના કોન્સ્ટેબલ સજુભા જુવાનસિંહ ડાભી સહીતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન બેડલા ગામના પાદરની નદી પાસેથી એક શખ્શ બાઈક સાથે શંકાસ્પદ લાગતા તેની તપાસ કરતા એક પ્લાસ્ટિકની થેલીમાં વિદેશી દારૂની ૨ બોટલ મળી આવી હતી. પૂછપરછ દરમિયાન આ શખ્શે પોતાનું નામ ચેતન અશોકભાઈ મકવાણા (રહે. બેડલા ગામ ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે દારૂ, બાઈક મળી રૂ.૧૦૦૦૦ નો મુદ્દામાલ પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા દરોડામાં પી.સી.બી. કોન્સ યુવરાજસિંહ ઘનશ્યામસિંહ રાણા, હેડ.કોન્સ. કુલદીપસિંહ રામદેવસિંહ તેમજ કોન્સ. વિજયભાઈ ઉકાભાઈ સહીતના સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે કરણ સિંધવ નામનો શખ્શ, પરિવાર પાર્ક શેરી નં. ૩ના ખૂણે ગુરુકૃપા કોમ્પ્લેક્સ પાસે સફેદ કલરના પ્લાસ્ટિકના બાચકામાં વિદેશી દારૂની બોટલ સાથે ઉભો છે.બાતમીવાળી જગ્યાએ પોલીસે પહોચી શકમંદ શખ્શનું નામ પૂછતા તેને કરણ કિશોરભાઈ સિંધવ (રહે. સોમનાથ સોસાયટી, શેરી નં.૪, રણુજા મંદિર પાછળ, કોઠારિયા મેઈન રોડ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે સફેદ કલરના બાચકાની તપાસ કરતા તેમાં વિદેશી દારૂની ૧૮ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ સાથે કુલ રૂ.૯૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કરણ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### વરલી ફીચરનો જુગાર રમતા એક પકડાયો : એકની શોધખોળ

પ્રધુમન નગર પોલીસે બાતમીના આધારે ભીલવાસ રોડના વિસ્તારમાં જાહેરમાં વર્લી ફીચરના આકડા લખી જુગાર રમતા ૧ શખ્શને પકડી પાડ્યા બાદ આ ગુન્હામાં અન્ય એક શખ્સનું નામ ખુલતા તેમની શોધખોળ આદરાઈ છે. ભીલવાસ રોડના વિસ્તાર પાસે હુશેન અહેમદભાઈ કટારીયા (રહે. ભીલવાસ શેરી નં.૪ ભારત બેકરી પાછળ, સદર બજાર) જાહેરમાં મોબાઈલમાં વર્લીફીચરના આકડા લખી જુગાર રમાડતો પકડાઈ ગયો હતો. તેમની પાસેનો મોબાઈલ તપાસતા ઈમરાન જાહિદભાઈ શમા પણ આવા વરલીના જુગારમાં સામેલ હોવાનું બહાર આવ્યું હતું. પ્રધુમનનગર પોલીસે હુશેનની રૂ.૭૦૬૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરીને ઈમરાનને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પાટણમાં ૩.૫ કરોડના લાલ ચંદનની દાણચોરી ચોરી પકડાઈ

## તિરુપ્પતિની ટાસ્ક ફોર્સે પાટણના ડોકયાર્ડમાં હાથ ધરી તપાસ

અમદાવાદ,તા. ૧૭

તિરુપતિ સ્થિત એન્ટિ-રેડ ચંદન દાણચોરી ટાસ્ક ફોર્સે તાજેતરમાં ગુજરાતના પાટણમાં એક ડોકયાર્ડમાં સફળ ઓપરેશન હાથ ધર્યું હતું અને લગભગ રૂ. ૩.૫ કરોડની કિંમતના લાલ ચંદનના લોગને તિરુપતિમાં પરત લાવ્યા હતા. તિરુપતિના એસપી એલ સુબ્બા રાયડુએ જણાવ્યું હતું કે ટાસ્ક ફોર્સ દ્વારા ધરપકડ કરાયેલા ત્રણ કિંગપિન્સની ઓળખ બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરના ઉત્તમચંદ સોની, મહેસાણાના હંસરાજ જોશી અને પાટણના પરેશ ઠાકુર તરીકે કરવામાં આવી છે. અમે ડોકયાર્ડમાંથી લગભગ ૪.૫ ટન વજનના ૧૫૧ લાલ ચંદનનાં લાકડાં જપ્ત કર્યા છે.




ટાસ્ક ફોર્સ વિદેશમાં સ્થિત લાલ ચંદનનાં દાણચોરો સાથે તેના સંબંધોની વધુ તપાસ કરશે. રેડ ચંદન વિરોધી દાણચોરી ટાસ્ક ફોર્સે તાજેતરમાં મદનપલ્લે અને રાયચોટીમાં સ્થાનિક દાણચોરોની ધરપકડ કરી હતી અને ત્રણેય દાણચોરોને પીટી વોરંટ પર તિરુપતિ લઈ જવામાં આવ્યા હતા.

વધુ તપાસના આધારે, જિલ્લા પોલીસ વિંગ ત્રણેય તસ્કરો સામે પીડી એક્ટની અરજી કરી શકે છે. લાલ ચંદન એક લુપ્તપ્રાય પ્રજાતિ છે, જે આંધ્ર પ્રદેશ રાજ્યના સેશાચલમ બાયોસ્ફિયરમાં વિશિષ્ટ અને વ્યાપકપણે જોવા મળે છે. લાલ ચંદન કે જેનો ઉપયોગ સૌંદર્ય પ્રસાધનો, પરંપરાગત દવાઓ, ઉચ્ચ કક્ષાના ફર્નિચર અને લાકડાના હસ્તકલા વગેરેમાં થાય છે, તેની ચીન, જાપાન, હોંગકોંગ અને અન્ય ઘણા એશિયન દેશોમાં અપવાદરૂપે ઉચ્ચ માંગ છે, જેના પરિણામે આંધ્રપ્રદેશની ગેરકાયદેસર કાપણી અને દાણચોરી થાય છે. સેશાચલમના જંગલોમાંથી રેડવુડ થાય છે.

# અમદાવાદ બાદ ટ્રાફિક નિયમન ભંગમાં રાજકોટ બીજા ક્રમે

## ૧૧ મહિનામાં શહેરમાં ૪.૮૩ લાખથી વધુ ઈસ્યુ થયા ચલણ, ૭૦.૭૯ કરોડનો ફટકારાયો દંડ

રાજકોટ મિરર, તા. ૧૭

રંગીલા રાજકોટમાં બે સરકારી તંત્રો રોજબરોજ અનેકને દંડ ફટકારે છે છતાં ''સુધરે એ બીજા'' જેવી કહેવત સાબિત થઇ રહી છે. એક તો મનપા રોજ ગોબરા વેપારીઓને ગંદકી બદલ દંડે છે, પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશની મનાઈ હોવા છતાં રોજ પકડાય છે તેમ ટ્રાફિક નિયમોનો પણ ઉલાળિયો કરી ધાર્યા મુજબની બેદરકારી દાખવી વાહનચાલકોને રોજ પકડીને દંડ ફટકારવામાં આવે છે, પણ લોકો, વેપારીઓ અને વાહનચાલકો બેદરકારી નથી છોડતા તે વાસ્તવિકતા હોવાની વિગતો મળી છે.

શહેરમાં ચાલુ વર્ષના ૧૧ મહિનામાં બેદરકાર વાહનચાલકો સામે ૪.૮૩ લાખ ચલણ ઈસ્યુ થયા છે અને તેમાં ૭૦.૭૯ કરોડનો દંડ ફટકારાયો હોવાનું તંત્ર જણાવે છે. ટ્રાફિક દંડમાં હમ ભી કિસીસે કમ નહિ તે વાત મુજબ રાજ્યામાં અમદાવાદ બાદ રાજકોટનો નંબર આવે છે. ટ્રાફિક નિયમન ઉલ્લઘન બદલ ફટકારાયેલા દંડના આંકડા જોઇએતો અમદાવાદમાં ચાલુ વર્ષના જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૧૫ લાખ જેટલા વાહન ચાલકોને અંદાજે ૧૦૦ કરોડથી પણ વધુનો દંડ ફટકારાયો છે.

જયારે રાજકોટની વાત કરીએ તો અહી અઢારેક લાખ જેવા વાહન ચાલકોમાના અમુકતો બેદરકારીનો પર્યાય બની ગયા હોવાનું કહેવાય છે. છેલ્લા ૧૧ મહિનામાં જુદા જુદા પોલીસ સ્ટેશન અને ટ્રાફિક પોલીસ દ્વારા ૪,૮૩,૭૯૫ ઈ-ચલણ ઈસ્યુ કરી રૂ. ૭૦, ૭૯, ૧૧,૨૦૦નો દંડ કરવામાં આવ્યો છે. જેમાંથી ૧,૫૬,૩૦૦ ઇ-ચલણની ૭,૬૭,૦૦,૨૮૯ દંડની રકમ ભરપાઈ થઈ હોવાનું સામે આવ્યું છે. એટલે કે હજુ પણ રાજકોટ પોલીસને ૩,૨૭,૪૯૫ ઈ-ચલણના રૂપિયા ૬૩ કરોડથી વધુની રકમ વસૂલાત કરવાની બાકી છે. અહી ઈસ્યુ થયેલા ૪.૮૩ લાખથી વધુના ઈ-ચલણમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ ખાતેના સીસીટીવી મારફત રૂપિયા ૨૩,૮૦,૦૮,૮૦૦ કિંમતના ૨,૫૮,૩૧૧ ચલણ ઇશ્યૂ કરવામાં આવ્યા છે. ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવેલી એપ્લિકેશન મારફત રૂપિયા ૧૨,૫૫,૯૩,૮૫૦ કિંમતના ૨,૩૮,૨૯૩ મેમો ઇશ્યૂ કરવામાં આવ્યા છે અને પોલીસ સ્ટેશન મારફત કરવામાં આવેલા વાહન ચેકિંગ કામગીરીમાં રૂપિયા ૪૮,૦૮,૫૫૦ કિંમતના કુલ ૭,૧૯૮ ચલણ ઇશ્યૂ કરવામાં આવ્યા છે.

ટ્રાફિક નિયમ ભંગમાં ત્રીજો નંબર સુરતનો છે. સુરતમાં કુલ ૪૧.૯૪ લાખ વાહનચાલકો છે, ત્યારે ચાલુ વર્ષે એટલે કે ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં મોબાઈલ એપ્લિકેશન દ્વારા ૧,૮૪,૭૧૭ ચલણ બનાવવામાં આવ્યા છે, જેમાં ૧૭,૭૪,૪૫,૭૦૫ રૂપિયાની દંડની કાર્યવાહી કરવામાં આવી છે. ઓન-રોડ રિકવરી અંતર્ગત ૩૧,૩૨૧ ચલણથી ૧,૧૬,૪૪,૬૫૦ રૂપિયાની કાર્યવાહી થઈ છે.

# ૭ PIની આંતરિક બદલી કરતા પોલીસ કમિશ્નર

રાજકોટ મિરર, તા. ૧૭

શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા એ શહેરના જુદા જુદા પોલીસ સ્ટેશનના ૭ પીઆઈની આંતરિક બદલી કરી હતી.

બદલી કરેલા પોલીસ ઇન્સ્પેક્ટર્સમાં ગાંધીગ્રામ પોલીસના કે.જે.કરપડાણે આર્થિક ગુન્હા નિવારણ શાખામાં મુકાયા છે. પ્રનગર પોલીસના બી.એમ. ઝણકાટણે એ.એચ.ટી.યુ.માં બદલી કરાઈ છે. લીવ રીઝર્વમાં રહેલા એસ.આર.મેઘાણીણે ગાંધીગ્રામ પોલીસમાં મૂકાયા છે. એમ.ઓ.બી.ના એસ.ડી.ગીલવાની સાયબર ક્રાઈમમાં બદલી કરાઈ છે. એ.એચ.ટી.યુ.ના સી.એચ. જાદવને ડીસીબીમાં મુકાયા છે. લીવ રીઝર્વમાં રહેલા અન્ય બે પીઆઈ વી.આર.વસાવા અને જી.આર.ચૌહાણને અનુક્રમે પ્રનગર પોલીસ સ્ટેશન અને એમ.ઓ.બીમાં મુકાયા છે.

# ગોંડલમાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું: ૪ ઘાયલ

## પોલીસે સામસામી ફરીયાદ પરથી એટ્રોસિટી, છેડતી સહિતની કલમ હેઠળ ૬ શખ્સો સામે નોંધ્યો ગુન્હો

**રાજકોટ મિરર, ગોંડલ તા.૧૭**

ગોંડલમાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું થતાં ૪ યુવાનો ઘવાયા હતાં. જેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. એક મહિના પહેલા થયેલ માથાકૂટનો ખાર રાખી લવરમૂછીયા છરી અને તલવાર જેવા હથિયારો લઈ મારામારી પર ઉતરી આવ્યાં હતાં અને મહિલાની છેડતી પણ કરી હતી. ગોંડલ સીટી પોલીસે સામસામી ફરીયાદ પરથી એટ્રોસિટી, છેડતી સહિતની કલમ હેઠળ છ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલમાં ભગવતપરા વાછરારોડ, ભંગારના ડેલા સામે રહેતાં માનવ રાજેશભાઈ ખીમસુરીયા (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ચેતન ઉર્ફે ચેતુ મકવાણા, આદિ પરમાર અને આદિ પરમારના મામા વિજા મકવાણા (રહે. ત્રણેય ગોંડલ) નું નામ આપી જણાવ્યું હતું કે, તે કલરકામની મુજરી કામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે.

ગઈ તા.૧૫ ના તે તેના મિત્ર સાથે ગોંડલ આઈ.ટી.આઇ. બાજુમાં આવેલ લઝીઝ નોનવેઝની દુકાને રાત્રીના જમવા ગયેલ હતાં. તે દરમિયાન તેના મીત્ર રુત્વીકને અન્ય મીત્ર આયુશ ગોહેલનો ફોન આવેલ અને કહેલ કે, થોડીવાર પહેલા હું હરભોલે સોસાયટી પાસે આવેલ કોળી સમાજની વાડી લગ્નમાં હતો ત્યારે ચેતન ઉર્ફે ચેતુ મકવાણા, આદી પરમાર બન્ને મળેલ અને તે બન્નેએ અગાઉ બે મહીના પહેલા તેમની સાથે થયેલ બોલાચાલીનો ખાર રાખી ઝગડો કરેલ છે.

જેથી આયુશને કહેલ કે, તુ અત્યારે ઘરે નીકળી જા,અમે આદીને તેના ઘરે જઈ ને સમજાવીએ છીએ. બાદમાં તેઓ સીધા આદીના ઘરે ગયેલ જયાં આગળ આદી અને ચેતન ઉર્ફે ચેતુ હાજર હોય જેથી તેઓને આદીના ઘરના બહાર રસ્તા ઉપર બોલાવતા બન્ને ઘરમાંથી બહાર આવેલ અને તેને કહેલ કે તમે કેમ ? અમારા મીત્ર આયુશ સાથે ઝઘડો કરેલ છે તેમ કહેતા બંને ઉશ્કેરાઈ જઈ કેમ અમારા ઘર સુધી આવ્યા તેમ કહી ગાળો આપી બંને શખ્સો રુત્વીકનો કાઠલો પડકી મારા-મારી કરવા લાગેલ જેથી તે



વચ્ચે પડી છોડાવા જતાં બંને શખ્સો તેને પણ મારા મારી કહેલ કે, આ અમારો અને રુત્વીકનો અંગત ઝઘડો છે તુ કેમ વચ્ચે પડે છે તેમ કહી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી છાતીમાં અને પેટમાં લાતો મારવા લાગેલ અને ચેતુ તેના કોટુંબીક કાકા વિજાના ઘરમાં ગયેલ અને ત્યાંથી સ્ટીલની તલવાર જેવું હથિયાર લાવીને મને મારવા જતા તે સાઈડમાં ખસી જતા રુત્વીકને હાથમાં અને માથાના ભાગે ઘા લાગેલ હતો.

તે દરમ્યાન થોડે દુર રહેતા ચેતુના કોટુંબીક કાકા વિજાભાઈ પણ દોડીને ઘસી આવી અને ત્રણેય મારામારી કરવાં લાગેલ હતાં. દરમ્યાન મીત્ર આયુશ ગોહેલ પણ આવી જતા સામ સામે મારામારીમાં રુત્વીકને માથાના ભાગે ઈજા થતા લોહી નીકળવા લાગેલ હતું. બાદમાં તેને સીવીલ હોસ્પીટલે સારવાર માટે લાવેલ હતાં.

સામાપક્ષે ગોંડલના ભગવતપરામાં રહેતાં ૪૨ વર્ષીય ઇંદુબેન પરમારે નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઋત્વિક વાઘેલા, આયુષ ગોહેલ અને માનવ ખીમસૂરીયાનું નામ આપી જણાવ્યું હતું કે, તેણી તેના બે દીકરા સાથે રહે છે.

ગત તા.૧૫ ના રાત્રીના તેણી અને તેના બંને પુત્રો સાથે હરભોલે સોસાયટીમાં કોટુંબીક બહેનના ત્યાં લગ્નમાં ગયેલ હતાં. ત્યારે તેમના મોટા દીકરાને આયુશ ગોહેલ, રુત્વીક વાઘેલા સાથે અગાઉ માથકુટ થયેલ અને બાદ સમાધાન થઇ ગયેલ હોય પંરતુ આયુષે તે બાબતેનો ખાર રાખી તેમના પુત્ર સાથે ઝઘડો કરવા લાગેલ અને મારામારી કરવા લાગેલ હતો.ત્યારબાદ લગ્નમાંથી તેણી તથા બંન્ને દીકરા ઘરે જતા રહેલ હતા. ઘરે તેમનો દિકરો તથા કોટુંબીક ભાઇનો દીકરો ચેતન ઉર્ફે ચેતુ હાજર હતા.

તે દરમ્યાન અમારા ઘરના ડેલા પાસે બહાર કોઇએ બુમ પાડતા બંનેએ બહાર નીકળી જોયુ તો રુત્વીક વાઘેલા અને તેનો મીત્ર બાઈક પર આવેલ અને ગાળો આપી ઉશ્કેરાઇ જઇ મારા મારી કરવા લાગેલ હતાં. જેથી બુમાબુમ થતા તેણી ઘરની બહાર નીકળી પુત્રને છોડાવવા વચ્ચે પડેલ તો રુત્વીક તથા તેની સાથે આવેલ તેના મીત્ર માનવ ગાળો આપવા લાગેલ અને બન્ને એકદમ નજીક આવીને છાતી દબાવી છેડતી કરી નીચે પાડી દીધેલ હતી.

તેમજ રુત્વીકે છરી લઇ આદીત્યને મારવા જતા વિક્રમ આવીને વચ્ચે પડતા વિક્રમના હાથમાં છરીનક ઘા લાગેલ હતો. તેમજ તમને જોઇ લેવા છે હવે જીવતા નથી રહેવા દેવા તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતાં. બાદમાં ઇજાગ્રસ્તને સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે ગોંડલ સીટી પોલીસે સામસામી ફરીયાદ પરથી એટ્રોસિટી, છેડતી સહિતની કલમ હેઠળ છ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### હરી તું મારૂ ગાડુ ક્યા લઈ જાય કાંઈ ના જાણું

# મનપાનું ગાડું ઈન્ચાર્જના ભરોસે

## સીટી એન્જિનિયર, ઓડિટર અને ચીફ ફાયર ઓફિસર હાલ ઈન્ચાર્જમાં : રેગ્યુલર અધિકારી આવે તો કામમાં આવશે ઝડપ : છેલ્લા સાત મહિનાથી રગળધગળ જ ચાલે છે



રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકા હાલ જે રીતે વિકાસ કામો ને વેગ આપી રહ્યું છે તેની સામે વિભાગના ઘણા ખરા કામો હજુ પણ પેન્ડિંગ બોલે છે ટીઆરપી અગ્નિકાંડ બાદ જે ટાઉન પ્લાનિંગ વિભાગ અને ફાયર વિભાગમાં છે કોભાંડની હારમાળા સર્જાય તે બાદ હવે મહાનગરપાલિકામાં કોઈ પણ અધિકારી કે કર્મચારી કામ કરવા તો દૂર ત્યાં ફરજ નિભાવવા માટે પણ તૈયાર નથી તેવું હાલ તજજ્ઞ જણાવી રહ્યા છે મહત્વનું એ છે કે રાજકોટ મહાનગરપાલિકાની ટોચની ગણાતી ત્રણ પોસ્ટ હાલ ઇન્ચાર્જના હવાલે છે ત્યારે અહીં જે અધિકારી પર જ બજાવે છે તેને સહેજ પણ કામ કરવામાં રસ ન હોય તેવું ચિત્ર ઊભું થઈ રહ્યું છે અને આ અંગે સતત લોકો દ્વારા ફરિયાદ પણ કરવામાં આવે છે. આ અંગે સરકારને અનેકવિધ વખત રજૂઆતો કરવામાં આવી કે જે કી પોસ્ટ માનવામાં આવતી જગ્યા હોય તેમાં કાયમી અધિકારીઓની નિમણૂક કરવામાં આવે પરંતુ કોઈ પણ કારણોસર રાજ્ય સરકાર દ્વારા આ અંગે કોઈ નક્કર નિર્ણય લેવામાં આવ્યો નથી જેને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાની જો વાત કરવામાં આવે તો સીટી એન્જિનિયર નું પદ સૌથી મોટું માનવામાં આવે છે ત્યારે સીટી એન્જિનિયર સેન્ટ્રલ કે જેમાં હાલ અતુલ રાવલ પર જ બજાવી રહ્યા છે તેવી જ રીતે મનપા વેસ્ટ ઝોનમાં કુંતેશ મહેતા અને ઈસ્ટ ઝોનમાં એમ.આર શ્રીવાસ્તવ હાલ સીટી એન્જિનિયર તરીકે પોતાની ફરજ બજાવી રહ્યા છે પરંતુ હાલા તમામ અધિકારીઓ ઇન્ચાર્જ હોવાથી જે વેગ કામગીરીમાં આવવો જોઈએ તે આવતો નથી એટલું જ નહીં મહાનગરપાલિકાના ઓડિટર પણ હાલ ઇન્ચાર્જ જ છે અને આ માટે એક વખત નહીં અનેક વખત રાજ્ય સરકારમાં રજૂઆત પણ કરવામાં આવી છે પરંતુ કોઈને કોઈ કારણસર જે માંગણી સ્વીકારવામાં આવતી નથી બીજી તરફ મહાનગરપાલિકાનો અત્યંત મહત્વનો વિભાગ ગણાતો એવો ફાયરમાં પણ હાલ અમિત દવે ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવી રહ્યા છે.

ખરા અર્થમાં સરકારે આ અંગે ગંભીરતાથી વિચાર કરવો ખૂબ આવશ્યક અને જરૂરી છે જો કામને વેગ આપવો જ હોય તો આ તમામ જગ્યાઓ ભરવી ખૂબ આવશ્યક છે છેલ્લા ઘણા સમયથી ફાયર વિભાગ અને ટાઉન પ્લાનિંગ વિભાગમાં હાલ ઘણા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. ત્યારે અત્યારે જે જંત્રીના ભાવની સાથો સાથ ફ્લાવર બેડ ને લઇ જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે સામે ટીપી સ્કીમમાં પણ અનેકવિધ ફરિયાદો ઉઠી રહી છે જેનો યોગ્ય નિકાલ લાવવા માટે કાયમી અધિકારી હોય તે ખૂબ જરૂરી છે. હાલ આ અંગે મહાનગરપાલિકામાં પણ અનેક વખત ફરિયાદ ઊઠવા પામી છે અને સત્તાધીશ પક્ષો દ્વારા પણ આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવ્યો છે. પરંતુ હજુ સુધી કોઈ યોગ્ય નિકાલ આવ્યો નથી.

અત્યારે મહત્વની વાત તો એ છે કે ટીપીમાં ઘણી ખરી અરજીઓ હજુ પેન્ડિંગ પડેલી છે જેની પાછળનું સૌથી મોટું કારણ હોય તો તે ટાઉન પ્લાનિંગ વિભાગ અને ફાયર વિભાગ વચ્ચે સંકલનના અભાવનો છે. બીજી તરફ મહાનગરપાલિકાના તજજ્ઞોનું માનવું છે કે અત્યારે બંને વિભાગના અધિકારીઓ જે છે તે કોઈપણ રીતે કામ કરવા માટે તૈયાર થતા નથી એટલું જ નહીં તેમના દ્વારા કોઈ પણ પ્રકારની જવાબદારી સ્વીકારવા માટે સહેજ પણ તૈયાર ન હોય તેવું હાલ ચિત્ર ઊભું થઈ રહ્યું છે જો આ સ્થિતિ યથાવત જોવા મળી તો હજુ પણ ઘણી-ખરી ફાઈલો પેન્ડિંગ રહેશે તેમાં કોઈ ઉકેલ આવશે નહીં. આ વાતને લઈ એ વાત સ્પષ્ટ છે રાજકોટ મનપાનું ગાડું હાથમાં છે.




# મનપા અને ફાજલ થયેલ જગ્યાની ફેન્સીંગ હવે ફરજિયાત

## રાજકોટ જિલ્લા કલેકટરે આપ્યા આદેશો : ગેરકાયદે થયેલ દબાણને પણ દૂર કરવા અધિકારીઓને કર્યા સૂચિત

રાજકોટ, તા. ૧૭

રાજકોટમાં થયેલ બોગસ દસ્તાવેજ કૌભાંડ સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યું છે ત્યારે આ પ્રકરણમાં જિલ્લા કલેકટર હવે એક્શનમાં આવી ગયું છે અને તાકીદે પગલાં લેવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. કલેકટર વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ હવે શહેરના મહાનગરપાલિકા હસ્તકના ખુલ્લા પ્લોટ હોય અથવા તો યુએલસીની ફાઝલ થયેલ જગ્યાઓ હોય તેને ફેન્સીંગ કરી સુરક્ષિત કરવા માટે તાકીદ કરવામાં આવી છે. જિલ્લાભરમાં અધિકારીઓ દ્વારા મહાનગરપાલિકા અને સરકારી જમીનને સુરક્ષિત કરવા માટેની કામગીરીને પણ શરૂ કરી દેવામાં આવી ત્યારે યુએલસીની ફાજલ જમીનો તથા પ્લોટ માં કોઈપણ પ્રકારે દબાણ ન થાય તે હેતુસર એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે સાથોસાથ માલિકી દર્શાવતા બોર્ડ મૂકવા પણ જિલ્લા કલેકટર દ્વારા આદેશ આપવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાના માત્ર ૧૫૦૦ જેટલા પ્લોટ ખુલ્લા છે જ્યારે જિલ્લામાં યુએલસીની સરકારી જમીનના પ્લોટ ની સંખ્યામાં ઘણો ઘણો વધારો જોવા મળ્યો છે ત્યારે આ તમામ જગ્યા પર જો દબાણ થયેલા હોય તેની માહિતી આપવા કલેકટર દ્વારા સૂચના આપવામાં આવેલી છે જેને ધ્યાને લઈ હવે મામલતદાર, પ્રાંત અધિકારી અને ડેપ્યુટી કલેકટર હાલ કામગીરી શરૂ કરી દીધી છે અને આ માટેની એક ખાસ યાદી પણ તૈયાર કરવામાં આવી રહી છે. આ તમામ જગ્યાઓ ને સુરક્ષિત કરવા માટે કલેકટર દ્વારા ડીઆઈએલઆરને પણ આદેશ આપવામાં આવ્યા છે કે તેમના દ્વારા ફેન્સીંગનું કામ ઝડપભેર પૂર્ણ કરવામાં આવે.

દસ્તાવેજ કૌભાંડ નો રિપોર્ટ સરકારને સોંપી દેવામાં આવ્યો છે તો બીજી તરફ કલેકટર તંત્રની સાથોસાથ પોલીસ વિભાગ પર આ કૌભાંડમાં ઝીણવટ પૂર્વકની તપાસ કરી રહી છે ત્યારે હવે જિલ્લામાં યુએલસીની ફાજલ જમીન અને કોર્પોરેશનના તમામ પ્લોટ કે જે ખુલ્લા હોય તેને ફેન્સીંગ કરી સુરક્ષિત કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે જે મુજબની કામગીરી હવે ઝડપભેર થશે.

# ઈમ્પેક્ટ ફીની અવધી વધુ છ મહિના લંબાવાઈ : ૫૦૦૦ થી વધુ અરજીઓ પેન્ડિંગ

## આવેલી કુલ ૧૦,૧૪૬ અરજીઓ માંથી માત્ર ૩૮૯૩ અરજીને જ રખાઈ ગ્રાહ્ય જ્યારે ૯૪૩ અરજીઓ નામંજૂર




રાજકોટ, તા. ૧૭

કોઈપણ પ્રકારે રીયલ એસ્ટેટમાં ગેરરીતિ ન થાય તે માટે ફરી એક વખત રાજ્ય સરકારે પ્રજાલક્ષી અભિગમ દાખવ્યો છે એટલું જ નહીં ઈમ્પેક્ટ ફીના નિયમમાં વધુ છ માસનો ઉમેરો કરવામાં આવ્યો છે ત્યારે સમગ્ર રાજ્યમાં આ પ્રકારના બાંધકામને કાયદેસર કરવા માટે હાલ તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મહાનગરપાલિકાની જો વાત કરવામાં આવે તો તમામ અઢાર વોર્ડમાં કુલ ૧૦,૦૦૦ થી વધુ અરજીઓ આવી હતી જે પૈકી ૪૦% અરજીઓનો નિકાલ કરી દેવામાં આવ્યો છે જ્યારે બાકી રહેતી ૫,૦૦૦ થી વધુ અરજીઓ હજુ પ્રક્રિયા હેઠળ ચાલતી હોવાનું મહાનગરપાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું.

જે વિગતો સામે આવી રહી છે તેને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા આશરે ૯૦૦ થી વધુ અરજીઓને નામંજૂર કરવામાં આવી હતી એટલું જ નહીં હજુ પણ ચેરજીઓ પડતર છે તેમાં કોઈ પણ પ્રકારની ગેરરીતી જણાશે તો તે પ્લાન ને પણ ના મંજૂર કરવામાં આવશે તેવા આદેશ રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા આપવામાં આવેલા છે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત પાંચમી વખત જે વધારો કરવામાં આવ્યો છે ત્યારે આ વધારો વધુ છ મહિના માટે આપવામાં આવતા ફરી એક વખત મિલકત ધારકો કે જેઓએ ગેરકાયદેસર બાંધકામ કર્યું હોય તેને રેગ્યુલરાઈઝ કરવા માટે વધુ એક તક આપવામાં આવેલી છે.

રાજ્યમાં બેન અધિકૃત ગેરકાયદે બાંધકામો ફી ભરીને કાયદેસર કરવા માટે હવે ઈમ્પેક્ટ ની અવધી છ મહિના લંબાવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ગેરકાયદે તેમજ બીયુ સર્ટિફિકેટ વિનાના બાંધકામને તોડીને ઈમ્પેક્ટ ફી ભરી કાયદેસર કરી શકાય તે માટે બાંધકામો તોડવાના બદલે નિયત ફી વસૂલી કાયદેસર કરવા માટે આ કાયદો બનાવવામાં આવ્યો હતો ત્યારે આ કાયદાને ઓછો પ્રતિસાદ મળતા ફરી એક વખત આ મુદત વધારવામાં આવી છે.

મળતી માહિતી મુજબ મહાનગરપાલિકામાં ઓનલાઇન મારફતે કુલ ૩,૦૮૪ અરજીઓ આવી હતી જેમાંથી તંત્રએ ૧૫૯૭ અરજીઓને મંજૂર કરી છે જ્યારે ૫૬૭ અરજીઓ ના મંજૂર થયેલી છે બાકી રહેતી ૯૨૦ અરજીઓ હજુ પણ પેન્ડિંગ છે એવી જ રીતે ઓફલાઈન મારફતે કુલ ૭૦૬૨ અરજીઓ આવેલી હતી જેમાંથી ૨૨૯૬ અરજીઓ ને મંજૂર કરવામાં આવી તો ૩૭૬ અરજીઓ ના મંજૂર કરી દેવાય છે જ્યારે પેન્ડિંગ અરજીઓની સંખ્યા કુલ ૪,૩૯૦ નોંધાય છે. એટલે કહી શકાય કે કુલ અરજીઓ ૧૦,૧૪૬ હતી તેમાંથી ૩,૮૯૩ અરજીઓ મંજૂર થઈ જ્યારે ૯૪૩ અરજીઓ નામંજૂર મારા નગરપાલિકા દ્વારા કરવામાં આવી અને હાલ આ અંગે જે પડતર અરજીઓ છે તેનો આંકડો ૫,૩૧૦ એ પહોંચ્યો છે.

### નજીકના ઉમરાળી ગામના અને મોટા દડવાના શખ્સોએ ધમાલ મચાવતાં આજીડેમ પોલીસની તપાસ

# સરધારમાં લુખ્ખાગીરી : ગેસ પુરાવ્યા બાદ ફિલરમેનને કરી લૂંટ

## ઈકોમાં પાંચસો ત્રીસનો ગેસ પુરાવતાં કર્મચારીએ પૈસા માંગતા બે શખ્સ તૂટી પડ્યા : પંપના વકરાના ત્રેવીસ હજાર પડાવી ભાગી ગયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૭**

તાલુકાના સરધાર ગામમાં આવેલા પેટ્રોલ પંપ પર બે શખ્સ ઈકો કારમાં સીએનજી ગેસ પુરાવવા આવ્યા બાદ ગેસ પુરાવી રૂપિયા ન ચુકવી ફિલરમેન સાથે માથાકુટ કરી તેના માથામાં કડુ કે લોખંડની કોઇ વસ્તુ ફટકારી લોહીલુહાણ કરી નાખતા દેકારો મચી ગયો હતો. બનાવને પગલે બીજા કર્મચારીઓ અને લોકો ભેગા થઇ જતાં આ બંને શખ્સ ફિલરમેનનું શર્ટનું ખિસ્સુ ખેંચી ફાડી તેમાં રહેલી રોકડ લૂંટી ભાગી ગયા હતાં. ઘાયલ થયેલા પંપના કર્મચારીને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં આજીડેમ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટ તાબેના સરધારમાં આવેલા સરધાર સહકારી મંડળી સંચાલીત પેટ્રોલ પંપ પર ઈકો ગાડી લઇને આવેલા બે શખ્સોએ ગેસ પુરાવ્યા બાદ ફિલરમેને ગેસના રૂપિયા ૫૩૦ માંગતા બંનેએ ઝઘડો કરી રૂપિયા ન ચુકવી ફિલરમેનના માથામાં લોખંડની કોઇ વસ્તુ ફટકારી દેતાં તે લોહીલુહાણ થઇ ગયો હતો. માથે જતાં આ બંને શખ્સ તેના શર્ટનું ખિસ્સુ ખેંચી ફાડી નાંખી તેમાં રાખેલી પેટ્રોલ પંપના વકરાની રોકડ પણ પડાવી ભાગી ગયા હતાં. વધુ માહિતી અનુસાર સરધાર નજીકના ચિત્રાવાવ ગામે રહેતાં બત્રીસ વર્ષના વિશ્વાસ અંબાલાલભાઇ મેવાસા નામના યુવાનને તે સવારે સરધારમાં આવેલા સહકારી મંડળી સંચાલીત પંપ ખાતે નોકરી પર હતો ત્યારે ઈકો ગાડીમાં ગેસ પુરાવવા બે શખ્સ આવ્યા હતાં.

ફિલરમેન વિશ્વાસે આ ઈકો ગાડીમાં ગેસ ફુલ કરતાં રૂપિયા ૫૨૦નું બલી થયું હતું. એ પછી તેણે ઈકો ચાલક પાસે પૈસા માંગતા ચાલક



અને સાથેના શખ્સે પૈસા ચુકવવાને બદલે ઝઘડો કર્યો હતો અને હુમલો કરી ફિલરમેનને માથામાં લોખંડની કોઇ વસ્તુ કે કડુ ફટકાર્યુ હતું. આ કારણે ફિલરમેન લોહીલુહાણ થઇ ગયો હતો. તેને પેટ્રોલ પંપના કર્મચારી સહિતનાએ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હોસ્પિટલની પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ અને ધર્મેન્દ્રભાઇ હુદડ, તૌફિકભાઇ જુણાચ તથા ભાવેશભાઇ મકવાણાએ આજીડેમ પોલીસને જાણ કરી હતી. ફિલરમેન વિશ્વાસને સારવાર માટે હોસ્પિટલે લાવનાર મંડળીના સભ્યએ જણાવ્યું હતું કે વિશ્વાસ પાંચેક વર્ષથી પેટ્રોલ પંપમાં નોકરી કરે છે.

વધુમાં જણાવાયું હતું કે વિશ્વાસ સવારે ગેસના પંપ પર નોકરી પર હતો ત્યારે ઉમરાળીની લાલભાઇ હુંબલ અને મોટા દડવાનો લાલભાઇ બતાળા ઈકો ગાડી લઇને આવ્યા હતાં. તેમાં ફિલરમેન વિશ્વાસે ૫૩૦ રૂપિયાનો ગેસ પુરી દીધો હતો. પછી બીલ માંગતા આ બંનેએ પૈસા ચુકવવાને બદલે ઝઘડો કરી વિશ્વાસ પર હુમલો કરી માથામાં લોખંડની કોઇ વસ્તુ ફટકારી દીધી હતી. એ પછી તેના ખિસ્સા પર ઝપટ મારી ખિસ્સુ ફાડી નાંખી તેમાં રહેલી રોકડ રકમ પણ પડાવી લીધી હતી અને બંને બીલ ચુકવ્યા વગર ઈકો લઇને ભાગી ગયા હતાં. વિશ્વાસને લોહી નીકળતાં હોઇ તત્કાળ સારવાર માટે સરધાર સ્વામિનારાયણ હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ ખસેડ્યો હતો. આજીડેમ પોલીસે ફરિયાદ દાખલ કરવા તજવીજ કરી હતી અને હુમલો કરી રોકડ પડાવી જનારાઓને શોધવા કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવે સરધાર પંથકમાં ભારે ચકચાર જગાવી દીધી છે.